| | | | |
|---|---|---|---|
| દાખલ તારીખ | ૦૧.૦૨.૨૦૧૪ | | |
| નોંધણી તારીખ | ૦૧.૦૨.૨૦૧૪ | | |
| ફેસલ તારીખ | ૧૦.૦૪.૨૦૨૬ | | |
| સમય ગાળો | વર્ષ | માસ | દિવસ |
| | ૧૨ | ૦૨ | ૦૯ |

---------------------------------------

ભરૂચના મહેરબાન સેસન્સ જજ સાહેબની કોર્ટમાં, મુકામ : ભરૂચ.

---------------------------------------

**એ.સી.બી. કેસ નંબર : ૧/૨૦૧૪**

**આંક–....**

ફરિયાદી :– શ્રી સ ર કા ર

...વિરૂધ્ધ...

આરોપી :– મનહરભાઇ પ્રભુદાસ પ્રજાપતિ,

નાયબ મામલતદાર (મહેસુલ), મામલતદાર કચેરી, જંબુસર, રહે. કોટબારણા, દુર્લભલાલાની ખડકી, જંબુસર, જી.ભરૂચ મુળ રહે. બી–૫૯, ચતુરપાર્ક સોસાયટી, પરનામી અગરબત્તી પાસે, પાદરા, તા.પાદરા, જી.વડોદરા

ગુન્હો :– ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ ની કલમ–૭,૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) તથા ઇ.પી.કોડની કલમ–૨૦૧ મુજબનો

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.સુશ્રી એન.એમ.મિસ્ત્રી

આરોપી તરફે વિ.વકીલશ્રી એસ.આઇ.દોલા

::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::::

| | |
|---|---|
| ગુન્હો બન્યા તારીખ | ૧૭.૦૫.૨૦૧૩ |
| એફ.આઇ.આર.ની તારીખ | ૧૭.૦૫.૨૦૧૩ |
| ચાર્જશીટની તારીખ | ૦૧.૦૨.૨૦૧૪ |
| ચાર્જ ફ્રેમ કર્યાની તારીખ | ૧૫.૧૨.૨૦૧૪ |

| | |
|---|---|
| પુરાવો શરૂ કર્યાની તારીખ | ૦૨.૦૯.૨૦૨૨ |
| ચુકાદો અનામત રાખ્યાની તારીખ | ૧૮.૦૩.૨૦૨૬ |
| હુકમની તારીખ | ૧૦.૦૪.૨૦૨૬ |
| સજાના હુકમની તારીખ, જો હોય તો | – |

## <u>આરોપીની વિગત</u>

| આરોપી નંબર | આરોપીનું નામ | ધરપકડ કર્યાની તારીખ | જામીન ઉપર મુકત થયાની તારીખ | જે ગુન્હાનો આરોપ મુકયો છે તે ગુન્હો | નિર્દોષ કે દોષિત | લાદવામાં આવેલી સજા | ક્રિ.પ્રો.કોડની કલમ–૪૨૮ ના હેતુ માટે સુનાવણી દરમ્યાન અટકાયતનો સમયગાળો |
|---|---|---|---|---|---|---|---|
| ૧ | મનહરભાઇ પ્રભુદાસ પ્રજાપતિ | ૧૭.૦૫.૨૦૧૩ | ૨૦.૦૫.૨૦૧૩ | ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭, ૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) તથા ઇ.પી. કોડની કલમ –૨૦૧ | નિર્દોષ | – | – |

## <u>–:: ચુ કા દો ::–</u>

(૧) ફરિયાદ પક્ષના કેસની હકીકત ટૂંકમાં એવી છે કે, ફરિયાદી ઇસ્માઇલભાઇ અહમદભાઇ જંબુસર તાલુકાના સારોદ ગામના સરપંચ છે તેઓને તેઓનો દારપણાનો દાખલો જંબુસર કોર્ટમાં રજુ કરવાનો હોય તેઓ જંબુસર મામલતદાર કચેરીના મામલતદાર શ્રી સરવૈયા નાઓને મળેલા અને રૂપિયા પાંચ લાખના દારપણાનો દાખલો કઢાવવા બાબતે વાત કરતા મામલતદારશ્રી સરવૈયાએ કહેલ કે તમે એક અરજી આપી દો એટલે તમને સોલવંશી (દારપણાનો )દાખલો મળી જશે જેથી ફરિયાદીએ પોતાના દારપણાનો દાખલો મેળવવા માટે જરૂરી દસ્તાવેજી માહિતી સાથે એક અરજી જરૂરી તમામ કાગળોની

પ્રક્રિયા પૂરી કરી કાર્યવાહી પૂર્ણ કરી અરજી સાથેના તમામ કાગળો ફરિયાદીનાઓ જંબુસરના મામલતદારશ્રી સરવૈયાને મળતા મામલતદારશ્રી સરવૈયાનાઓએ તે અરજી અને અસલ કાગળો પોતાની પાસે રાખી લીધેલ હતા અને મામલતદારશ્રી સરવૈયાનાઓએ ફરિયાદીને જણાવેલ કે રૂા.૫,૦૦૦/– લઇને આવો એટલે તેઓ તરત જ દારપણાના દાખલામા સહી સિક્કા કરી આપશે અને તે સિવાય તમારૂ કામ થશે નહી અને આ રૂા.૫,૦૦૦/– એક ખાખી કવરમાં મુકી અને એકલાજ આવવા જણાવેલ હોય ફરિયાદી પોતે જંબુસર મામલતદાર ઓફિસમાંથી બહાર નિકળી ગયેલ અને ફરિયાદી આ લાંચના રૂા.૫,૦૦૦/– જંબુસર મામલતદાર શ્રી સરવૈયાને આપવા માંગતા ન હોય ફરિયાદીએ એ.સી.બી. ફિલ્ડ,વડોદરાના પો.ઇ.શ્રી જી.ડી.પલસાણા રૂબરૂ ઉપરની હકીકતે ફરિયાદ આપેલી. ફરિયાદીને આક્ષેપીત મામલતદારશ્રી સરવૈયાએ એકલા જ બોલાવેલ હોય જેથી ફરિયાદી તેમજ લાંચ માંગનાર વચ્ચેની વાતચીત તેમજ લેવડ–દેવડ ઓડીયો–વિડીયોના રેકોર્ડીંગની કાર્યવાહી સાથે તા.૧૬.૦૫.૨૦૧૩ નારોજ પંચો રૂબરૂ કરી લાંચના છટકાનુ આયોજન જંબુસર મામલતદાર કચેરીએ કરતા મામલતદારશ્રી સરવૈયા નાઓ પાસે ઘણા માણસો બેસેલ હોય ફરિયાદી જંબુસર મામલતદાર કચેરીમાં ફરજ બજાવતા નાયબ મામલતદાર, મહેસુલ મનહરભાઇ પ્રભુદાસ પ્રજાપતીને મળી પોતાના દારપણાના દાખલા બાબતે પુછતા તેઓએ જણાવેલ કે મનહરભાઇ પ્રજાપતિએ ફરિયાદીને જણાવેલ કે રૂા.૫,૦૦૦/– આપવા પડશે, જે તમારે ટેમ્પોના ભાડા પેટે તેમને આપવાના છે. જેથી ફરિયાદી મનહરભાઇ પ્રજાપતિને કયા ટેમ્પાના ભાડાની વાત કરો છો ? તેમ કહી પુછતા આરોપી મનહરભાઇ પ્રજાપતીએ કહેલ કે હાલમાં કચેરીમાં બહુ કામ છે, તમે જમવા જતા રહો, હું તમને મોબાઇલ કોન કરૂ ત્યારે આવજો, તમારો દારપણાનો દાખલો મે સહી કરાવી મારી પાસે તૈયાર રાખેલ છે તેમ કહેલ. તે પછી ફરિયાદી જંબુસરના મામલદારશ્રી સરવૈયાનાઓની રજા લઇ તેમની

ઓફિસમાં જઈ તેઓ સાથે હેતુલક્ષી વાતચીત કરી દારપણાના દાખલાના રૂા.૫,૦૦૦/− બાબતે વાતચીત કરતા મામલતદારશ્રી સરવૈયાએ પૈસા લેવાની સ્પષ્ટ ના પાડી દીધેલ અને જંબુસર મામલતદાર કચેરીના નાયબ મામલતદારશ્રી મનહરભાઈ પ્રજાપતીનાઓ ફરિયાદીને તેમના દારપણાના દાખલા માટે ફોન કરી બોલાવનાર હોય જેથી જંબુસર મામલતદાર કચેરીથી થોડે દુર જઈ તેઓના ફોનની રાહ જોતા ઉભા રહેલ. તે પછી આરોપી મનહરભાઈ પ્રજાપતી,નાયબ મામલતદાર મહેસુલ, જંબુસર, મામલતદાર કચેરી નાઓએ તેમના મોબાઈલ ફોન નંબર ૯૯૨૪૨૫૫૨૭૧ ઉપરથી કલાક ૧૩.૫૮ વાગે ફરીયાદીના મોબાઈલ ફોન નંબર ૯૯૭૪૩૩૨૨૩૬ ઉપર ફોન કરી બોલાવતા લાંચના છટકાનું આયોજન દરમ્યાન ફરિયાદીનાઓ આરોપી નાયબ મામલતદાર મનહરભાઈ પ્રજાપતીને મળતા મનહરભાઈએ તેમના અભિપ્રાયવાળો દારપણાનો દાખલો મામલતદારશ્રીની સહીવાળો ફરિયાદીને બતાવી જણાવેલ કે આ તમારો દાખલો મે તૈયાર રાખેલ છે, આપણે કચેરી બહાર ચાની લારી ઉપર ચા પીને આવીએ તેમ જણાવતા ફરિયાદીએ તેમાં સંમતિ આપેલ અને બન્ને જણા જંબુસર કચેરી બહાર જઈ ચા પી પરત નાયબ મામલતદાર મનહરભાઈની ઓફિસમાં આવતા નાયબ મામલતદાર મનહરભાઈ પ્રજાપતીએ ફરિયાદી પાસે દારપણાના દાખલાના વ્યવહારના રૂા.૫,૦૦૦/− ની માંગણી કરતા ફરિયાદીએ પોતે પહેરેલ પેન્ટના ડાબી બાજુના ખીસ્સામાંથી ફિ.પા.વાળી ચલણી નોટો મુકેલ ફિ.પા.વાળુ કવર કાઢી નાયબ મામલતદાર મનહરભાઈ પ્રજાપતીને આપતા તેઓએ તેમના જમણા હાથે સ્વીકારી પોતે પહેરેલ જીન્સ પેન્ટના જમણા ખીસ્સામાં મુકી દઈ ફરિયાદીને તેમનો દારપણા નો દાખલો આપી દીધેલ. જેથી ફરિયાદીશ્રીએ તેમના મોબાઈલ ફોન ઉપરથી ટ્રેપીંગ અધિકારી પો.ઈ.શ્રી જી.ડી.પલસાણાનાઓના મોબાઈલ ફોન ઉપર મીસ કોલ કલાક ૧૪.૩૨ વાગે કરી સુચીત ઈશારો કરેલ હતો. જેથી તેઓ તથા રેઈડીગ પાર્ટીના સભ્યો આવેલી

ગયેલા અને મનહરભાઈ પ્રજાપતીએ મુદ્દાની ફિ.પા.વાળી ચલણી નોટો મુકેલ ફિ.પા.વાળુ કવર સ્વીકારેલ હોય તે મુદ્દાની ફિ.પા.વાળી રૂા.૫,૦૦૦/– ની ચલણી નોટો મુકેલ કિ.પા.વાળુ ખાખી કવર તેઓ પાસેથી ન મળી આવતા તે બાબતે તેઓને ઝીણવટ ભરી રીતે પુછતા તેઓએ ઉપરોકત મુદ્દાની ફિ.પા.વાળી ચલણી નોટો મુકેલ કવર જંબુસર મામલતદાર કચેરીમાં મધ્યાહન ભોજન યોજનામાં સંચાલનનું કામ કરતા શ્રી જગદીશભાઇ ચંદુભાઇ ગુજ્જરને મુદ્દાની ચલણી નોટો બદલી આપવા આપેલ હોવાનું જણાવતા તે અંગે શ્રી જગદીશભાઈ ચંદુભાઈ ગુજ્જરનાઓની પુછપરછ કરી તપાસ કરતા કવરમાં મુકેલ રૂા.૫,૦૦૦/– કાઢી લઈ ખાખી કવર મામલતદાર કચેરી બહાર આવેલ ચાની લારીની પાછળના ભાગે ડુચોવાળી નાંખી દીધેલ હોવાનુ અને રૂા.૫,૦૦૦/– પૈકી રૂા.૧,૦૦૦/–ની ચલણી નોટ–૧ ચાની લારી વાળાશ્રી વિનોદભાઇ છોટાભાઇ પ્રજાપતિને આપી છુટા કરાવેલ અને બાકીની મુદ્દાની ફિ.પા.વાળી રૂા.૪,૦૦૦/– ની ચલણી નોટોના છીદ્રા ગામના ચંદ્રકાન્તભાઈ ચીમનભાઈ પટેલ નાઓ પાસેથી છૂટા મેળવેલ હોવાનું જણાવેલ. જેથી શ્રી ચંદ્રકાંતભાઇ પટેલ નાઓને શ્રી જગદીશભાઈ ગુજજરનાઓએ આપેલ મુદ્દાની ફિ.પા.વાળી ચલણી રૂપિયા ૪,૦૦૦/– ની ચાલણી નોટો બાબતે પુછતા તેઓએ જણાવેલ કે શ્રી જગદીશાભાઈ ગુજ્જરે રૂપિયા ૪,૦૦૦/–ના છૂટા માંગતા પોતે તેઓને આપેલ અને પોતાને આપેલ રૂપિયા ૪,૦૦૦/– પૈકી પોતે મુકેશભાઈ મનહરલાલ ઠકકર નાઓને ત્યાંથી અનાજ કરીયાણાનો સરસામાન ખરીદ કરેલ તે પેટે રૂા. ૧૦,૦૦૦/– ચુકવેલ તેમાં રૂા.૨,૦૦૦/– આપેલ હોવાનું અને બાકીના બીજા રૂા.૨,૦૦૦/– નું નિરવભાઈ ભાઈલાલભાઇ પટેલ નાઓ પાસેથી વોડાફોનના ડેમો કાર્ડમાં રીચાર્જ કરાવેલ તેઓને ચૂકવતા તેઓને આપેલ હોવાનું જણાવેલ હતુ. આમ લાંચના છટકા દરમ્યાન ઉપરોક્ત જણાવેલ સાહેદોની પુછપરછ દરમ્યાન પ્રથમ ભાગના પંચનામામાં લખી લેવામાં આવેલ મુદ્દાની ફિનોપ્થેલીન પાવડરવાળી ચલણી નોટો

તેમજ ફિ.પા.વાળુ કવર તપાસ અર્થે કબજે કરવામાં આવેલ છે. આમ, આરોપી મનહરભાઇ પ્રજાપતિએ ફરિયાદીને ફોન કરી પોતાની ઓફિસમાં બોલાવી દારપણાના દાખલા માટે લાંચના રૂા.૫,૦૦૦/– કલાક ૧૪/૩૨ વાગે માંગી, તે રકમ સ્વીકારી નાયબ મામલતદાર (મહેસુલ) તરીકેના રાજ્ય સેવક તરીકેના હોદ્દાનો દુરઉપયોગ કરી તેમજ જગદીશભાઈ ગુજજરનાઓ દ્વારા બદલાવી પુરાવા સાથે ચેડા–છેડછાડ કરી પુરાવાનો નાશ કરવાના ઈરાદાથી આપી દઇ પકડાઇ જઇ પોતાના કાયદેસરના મહેનતાણા સિવાયનો ગેરકાયદેસરનો આર્થિક લાભ મેળવી ગુન્હો કરેલ છે. જેથી ભરૂચ એ.સી.બી. પોલીસ સ્ટેશનમાં ગુ.ર.નં.૩/૨૦૧૩ થી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ ની કલમ–૭,૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) મુજબનો શિક્ષાપાત્ર ગુન્હો દાખલ કરવામાં આવેલ અને ત્યારબાદ ઇ.પી.કોડની કલમ–૨૦૧ નો ઉમેરો કરવામાં આવેલ. ત્યારબાદ પોલીસ તપાસના અંતે આરોપી વિરૂધ્ધ પુરતા પુરાવા મળી આવતા ભરૂચના વિ.સેસન્સ જજશ્રીની કોર્ટમાં આક્ષેપીત ગુન્હાની ચાર્જશીટ દાખલ કરવામાં આવતા તે એ.સી.બી. કેસ નં. ૧/૨૦૧૪ થી નોંધવામાં આવેલ. ત્યારબાદ આરોપી સામેની ઇન્સાફી કાર્યવાહી આગળ ચલાવવામાં આવેલ છે.

(૨) સદરહુ કામે ફરિયાદ પક્ષે આરોપી સામેના આક્ષેપો પુરવાર કરવા માટે નવ સાહેદોને તપાસેલા છે અને દસ્તાવેજી પુરાવા રજુ કરેલા છે.

(૩) આ કામે ફરિયાદ પક્ષે રજુ કરેલ લેખિત/દસ્તાવેજી પુરાવો રેકર્ડ ઉપર આવ્યા આરોપીને બચાવ કરવાની પુરતી અને વ્યાજબી તક મળી રહે તે હેતુસર તેઓના ક્રિ.પ્રો.કોડની કલમ–૩૧૩ અન્વયે વિશેષ નિવેદન લેવામાં આવતા, તેઓએ ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ પુરાવો ખોટો હોવાનું જણાવેલ છે અને આરોપીને વિશેષમાં કોઇ ખુલાસો કરવો છે તેવું પુછતા આરોપીએ જણાવેલ છે કે ''હું જંબુસર મામલતદાર ઓફિસમાં નોકરી કરતો હતો અને હાલમાં હુ રીટાયર્ડ છું. મે ૩૯ વર્ષ મામલતદાર ઓફિસમાં નોકરી કરેલી અને ડેપ્યુટી

મામલતદારના હોદ્દા પરથી નિવૃત થયેલો છું. હુ ઇમાનદારીપુર્વક મારી ફરજ બજાવતો હતો અને પબ્લીકનુ કામ સરળતાથી કરતો હતો. કહેવાતા બનાવ અંગે ફરિયાદીએ ફરિયાદ આપેલી તેની મને કોઇ માહિતી ન હતી તેમજ મામલતદાર સાહેબે પૈસાની માંગણી કરેલ હોય અને તેમના ઉપર રેડ કરેલી હોય તેની પણ માહિતી નથી. પાછળથી મને જાણવા મળેલ કે મામલતદાર સાહેબ પર જે રેડ કરેલી તેમાં એ.સી.બી.વાળા સફળ થયેલા નહી, પરંતુ તેઓને એ.સી.બી. વાળા કોઇ પણ રીતે ફસાવવા માંગતા હોય અને ફરિયાદીનુ દબાણ હોય મારા મારફતે તેઓ પર કેસ કરવા ખોટુ દબાણ કરેલુ અને મે નામ ન લેતા મને ખુલ્લી જગ્યાએ લઇ ગયેલા અને ત્યાં મને કહેવામાં આવેલુ કે કાંતો મામલદારનુ નામ લે અથવા માર ખાવા માટે તૈયાર થઇ જા. મે ખોટી રીતે નામ લેવાની ના પાડેલી તેથી તેઓએ મને ગાડી પર સુવડાવી માર મારેલા અને પગ પહોળા કરી પગોમાં પણ ઇજા કરેલી અને હાથમાં તથા પગના તળીયે પણ મારેલો અને હું ચાલી શકતો ન હતો અને મને પહેલા સરકારી દવાખાને લઇ ગયેલા અને ત્યારબાદ રેસ્ટ હાઉસ મને લઇ ગયેલા. મને કોઇ પુછપરછ કરવામાં આવેલ નહી. ત્યાંથી મને ભરુચ એ. સી. બી. ઓફીસે લઇ જઇ ભેંસાણીયા સાહેબને સુપરત કરેલા અને ભેસાણીયા સાહેબે મારી શરીરસ્થિતીનુ પંચનામુ કરેલુ અને ત્યારબાદ મુદ્‌તમાં મને સેશન્સ કોર્ટમાં ભેંસાણીયા સાહેબ મારફતે રજુ કરેલા ત્યારે મે સેશન્સ જજ સાહેબને વિનંતી કરેલી કે મને મારેલો છે તે બાબતની મારે ફરીયાદ આપવી છે તો તેઓએ મારી ફરીયાદ લખી લીધેલી અને સી. આર. પી. સી. ૨૦૨ હેઠળ ઇન્કવાયરી કરવાનો હુકમ કરેલો તેમજ દવાખાને મને સારવાર માટે મોકલેલા તે દરમીયાન હુ જામીન પર મુકત થતા દવાખાનામાં જેલર સાહેબે મારી સહી લીધેલી. ૯ દીવસ સુધી મારી સારવાર કરવામાં આવેલી. ત્યારબાદ મને મુક્ત કરેલો. આ બાબતની મે ફરીયાદ આપેલી હોય તેની ઇન્કવાયરી થયેલી. ત્યારબાદ સમન્સ ઇસ્યુ થતા મારી તથા ડોકટરની જુબાની પણ થયેલી છે અને ફોજદારી

કેસ નં. ૨૮૧૯/૨૦૧૪ થી કોર્ટમાં કેસ ચાલુ છે અને મે જે સારવાર કરાવેલી તે કેસના કાગળો તમામ હું અલાયદા લીસ્ટ થી રજુ કરુ છું. મને માર મારી મારી જીંદગી બરબાદ કરેલી છે. હું તદ્દન નિર્દોષ છુ. મે કોઇ ગુનો કરેલો નથી.'' આ કામે આરોપીએ સોગંદ ઉપર જુબાની આપેલ નથી કે બચાવના કોઇ સાહેદ તપાસેલ નથી કે દસ્તાવેજી પુરાવા રજુ કરેલા નથી.

<u>ફરિયાદ પક્ષની દલીલો</u>

(૪) ફરિયાદ પક્ષ તરફે વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે ફરિયાદી ઇસ્માઇલભાઇ અહમદભાઇ પટેલને આંક-૪૪ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદીએ પોતાના પુરાવામાં જણાવેલ છે કે તેઓએ દારપણાના દાખલાની જરૂર પડતા તેઓ જંબુસર મામલતદાર ઓફિસમાં ગયેલા અને તેઓ ત્યાં માલતદાર સરવૈયા સાહેબને મળેલા અને ત્યાં તેમની પાસે રૂા.૫,૦૦૦/- ની લાંચની માંગણી કરવામાં આવેલી. જેથી તેઓએ એ.સી.બી.પોલીસનો સંપર્ક કરતા લાંચના છટકાનું આયોજન ગોઠવવામાં આવેલ તેવી હકીકતોને સમર્થન આપેલ છે. જો કે ફરિયાદીએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સંપુર્ણપણે સમર્થન આપેલ ન હોઇ ફરિયાદીને ફરી ગયેલા સાહેદ જાહેર કરવામાં આવેલ છે. આ કામે ફરિયાદ પક્ષ તરફે પંચ-સાહેદ દિલીપભાઇ નંદલાવ યાદવને આંક-૪૮ થી તપાસવામાં આવેલા છે. આ પંચ-સાહેદે પોતાની જુબાનીમાં તેઓને એ.સી.બી. પોલીસ સ્ટેશને બોલાવી ત્યાં તેમની હાજરીમાં જે કાર્યવાહી કરવામાં આવેલી તે અંગેનો વિશ્વાસપાત્ર પુરાવો આપેલ છે અને ત્યારબાદ બીજા ભાગના પંચનામાની હકીકતોને સમર્થનકારક હકીકતો જણાવેલી છે. આ પંચ-સાહેદના પુરાવાથી ફરિયાદી પાસે આરોપી મનહરભાઇ પ્રજાપતિએ દારપણાના દાખલા બાબતે રૂા.૫,૦૦૦/- ની માંગણી કરી થોડીવાર માટે જવાનું કહી તેમજ ત્યારબાદ ફોન કરીને ફરિયાદીને બોલાવી રૂા.૫,૦૦૦/- ની માંગણી કરી અને ફરિયાદી પાસેથી આ રકમ સ્વીકારેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ ઉપરાંત આ

લાંચની રકમ મામલતદારશ્રી સરવૈયાએ લેવાની ના પાડેલ હોવાની હકીકતને પણ સમર્થન મળે છે. આ ઉપરાંત ફરિયાદી પાસેનું ઓડીયો વિડીયો રેકોર્ડીંગ ચાલુ કરી જોતાં તેનાથી ફરિયાદીએ જણાવેલ હકીકતને સમર્થન મળેલી તેવી હકીકતને પણ નિ:શંકપણે સમર્થન મળે છે. આ ઉપરાંત છટકાના આયોજનના તમામ સભ્યો આરોપી પાસે જતા આરોપી મનહરભાઈએ આ લાંચની રકમ રૂા.૫,૦૦૦/- જેઓને આપેલી તેઓના નામ જણાવેલા અને ત્યાં આરોપી મનહરભાઈના હાથના આંગળા સોડીયમ કાર્બોનેટના દ્રાવણમાં બોળાવતા દ્રાવણ આછા ગુલાબી રંગનું થઈ ગયેલ. આ રૂપીયાનું કવર આરોપીએ પેન્ટના ખીસ્સામાં મુકેલ હોઈ ત્યાં પણ સો.કા. દ્રાવણનો છંટકાવ કરતા ત્યાં પણ ગુલાબી રંગના ટપકા ઉપસી આવેલા. આમ, પંચ-સાહેદના પુરાવાથી આ કામના આરોપીએ ફરિયાદી પાસે રૂા.૫,૦૦૦/- ની લાંચની માંગણી કરી અને તે રકમ સ્વીકારી અને તે રકમને અન્ય સાહેદોને આપી પુરાવાનો નાશ કરવાનો પ્રયત્ન કરેલ હોવાની હકીકતને શંકારહિતનું સમર્થન મળે છે. આ કામે આંક-૫૪ થી રજુ થયેલ છટકાના પંચનામાથી પણ પંચ-સાહેદની જુબાનીને સમર્થન મળે છે. આ પંચ-સાહેદ સ્વતંત્ર, તટસ્થ અને નિષ્પક્ષ હોઈ તેઓનો પુરાવો નહિ માનવા માટેનું કોઈ કારણ નથી. આ પંચ-સાહેદે આરોપીને ઓળખી બતાવેલ છે તેમજ મુદ્દામાલ પણ ઓળખી બતાવેલ છે તેમજ દસ્તાવેજોમાં તેઓની સહીઓ પણ ઓળખી બતાવેલ છે. ફરિયાદ પક્ષ તરફે સી.ડી.માંના વાર્તાલાપ અને વિડીયોગ્રાફીના ટ્રાન્સક્રીપ્ટના પંચનામાના પંચ અનંતકુમાર ભગવતલાલ શેઠને આંક-૬૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં તેમની હાજરીમાં સી.ડી.માંના વાર્તાલાપનું ટ્રાન્સક્રીપ્શનનું પંચનામુ કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થનકારક પુરાવો આપેલ છે. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ ચંદ્રકાંતભાઈ ચીમનભાઈ પટેલને આંક-૭૧ થી તપાસવામાં આવેલા છે તેમજ સાહેદ નં. ૫ જગદીશભાઈ ચંદુભાઈ ગુજજરને આંક-૭૨ થી

તપાસવામાં આવેલા છે આ બંને સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને તપાસ કરનાર અધિકારી રૂબરૂના નિવેદનોમાંથી હકીકતો તેમણે લખાવેલ હોવાનો ઈન્કાર કરેલ છે, પરંતુ તપાસ કરનાર અધિકારીએ આ બંને સાહેદોએ તેઓ સમક્ષ નિવેદનો લખાવેલ હોવાનો પુરાવો આપેલ છે. ફરિયાદ પક્ષ તરફે બનાવ વખતના જંબુસરના મામલતદાર વિશ્વજીતસિંહ નવલસિંહ સરવૈયાને સાહેદ નં. ૬ તરીકે આંક–૭૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવાથી આરોપી મનહરભાઇ સામે એ.સી.બી. ટ્રેપ થયેલ હોવાનું અને મનહરભાઈને પકડેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. આ કામે લાંચના છટકાનું આયોજન કરનાર પોલીસ ઈન્સ્પેકટર ગૌતમભાઈ દેવરાજભાઈ પલસાણાને સાહેદ નં. ૭ તરીકે આંક–૮૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાની જુબાનીમાં ફરિયાદીએ એ.સી.બી. વડોદરા ફિલ્ડ ઓફિસ ખાતે આવીને જંબુસરના મામલતદાર સરવૈયા વિરૂધ્ધ ફરિયાદ આપતા લાંચના છટકાનું આયોજન કરવામાં આવેલ હોવાનો અને તે અંગેની તમામ જરૂરી કાર્યવાહી તેમની ઓફિસમાં કરવામાં આવેલ હોવાનો પુરાવો આપેલ છે તેમજ તેઓ લાંચનું છટકુ ગોઠવવામાં આવેલ તેના ભાગરૂપે જંબુસર મામલતદાર ઓફિસમાં જતા ત્યાં મામલતદાર સરવૈયાએ ફરિયાદી પાસેથી લાંચના નાણા નહી સ્વીકારી નાયબ મામલતદાર મનહરભાઇ પ્રજાપતિ પાસે મોકલી આપેલ હોવાનો તેમજ ફરિયાદી નાયબ મામલતદાર મનહરભાઈ પ્રજાપતિ પાસે જતા આરોપી મનહરભાઈએ દારપણાનો દાખલો આપવા માટે રૂ.૫,૦૦૦/– ની માંગણી કરી અને તે રકમ ફરિયાદી પાસેથી સ્વીકારી તે રકમ અન્ય ઈસમોને આપી દીધેલ હોવાનો સ્પષ્ટ પુરાવો આપેલ છે. આ ઉપરાંત જે ઈસમોને આરોપી મનહરભાઈએ લાંચની રકમ આપેલી તે ઈસમો પાસેથી લાંચના નાણા કબજે કરવામાં આવેલ હોવાનો પણ પુરાવો આપેલ છે. લાંચના છટકાનું આયોજન કરનાર પો.ઈ.શ્રી પલસાણા અને પંચ–સાહેદના પુરાવામાં કોઈ પણ પ્રકારનો વિરોધાભાસ આવેલ

નથી અને બંનેના પુરાવા એકબીજાને સમર્થનકારક છે. આ બંને સાહેદોની ઉલટ તપાસમાં પણ તેઓનો પુરાવો શંકાસ્પદ બની જાય તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. જેથી છટકાના છટકાના પંચનામાના પંચ અને છટકાનું આયોજન અધિકારીના પુરાવાને નહી માનવા માટે કોઇ કારણ નથી. ફરિયાદ પક્ષ તરફે તપાસ કરનાર અધિકારી પરેશભાઇ હરીભાઇ ભેસાણીયાને આંક-૮૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે તેઓએ કરેલી તપાસને સમર્થનકારક પુરાવો આપેલ છે તેમજ આરોપી સામે પુરતા પુરાવા હોઇ ચાર્જશીટ કરેલ હોવાનું જણાવેલ છે. આ ઉપરાંત આ કામે ફરિયાદ, છટકાનું પંચનામુ તેમજ અન્ય દસ્તાવેજી પુરાવા રજુ કરવામાં આવેલ છે. જે તમામ દસ્તાવેજી પુરાવાથી સાહેદોના પુરાવાને સમર્થન મળે છે. આ કામે તપાસવામાં આવેલા ફરિયાદી સિવાયના સાહેદો સ્વતંત્ર, તટસ્થ અને નિષ્પક્ષ સાહેદો છે અને તેઓને આરોપીને ખોટી રીતે ગુન્હામાં સંડોવી દેવા માટેનું કોઇ કારણ નથી. વધુમાં આ કામે તપાસવામાં આવેલા સાહેદોના પુરાવામાં કોઇ વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ નથી તેમજ ઉલટ તપાસમાં પણ સાહેદોના પુરાવા શંકાસ્પદ બની રહે તેવી કોઇ હકીકત રેકર્ડ ઉપર આવેલ નથી. આ ઉપરાંત આ કામે આરોપી સામે ફોજદારી કામ ચલાવવા માટેની પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ મેળવવામાં આવેલ છે. પ્રોસીકયુશનની મંજુરી આપનાર અધિકારીએ તમામ પેપર્સ વંચાણે લઇ વિવેક બુધ્ધિનો ઉપયોગ કરીને આપેલ છે અને પ્રોસીયુકશનની મંજુરી એક જવાબદાર અધિકારીએ આપેલ હોઇ પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ ખામીવાળો છે તેવું કહી શકાય નહી. આ કામે ફરિયાદી અને આરોપીઓ વચ્ચેની વાર્તાલાપ અને સંવાદોનું રેકોર્ડીંગ કરવામાં આવેલ છે અને તેની સી.ડી. બનાવી એફ.એસ.એલ.માં મોકલવામાં આવેલ છે. તે સી.ડી.માંના અવાજો ફરિયાદી અને આરોપીના હોવાનું અને આરોપી ધ્વારા ફરિયાદી પાસે લાંચની માંગણી કરી તેનો સ્વીકાર કરવામાં આવેલ હોવાની અને આરોપી પાસેથી લાંચની રકમની

રીકવરી કરવામાં આવેલ હોવાની હકીકતને સમર્થન મળે છે. જેથી આ કામે આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ–૨૦ મુજબ આરોપી વિરૂધ્ધ અનુમાન ઉપસ્થિત થાય છે અને તેનું આરોપી ધ્વારા ખંડન કરવામાં આવેલ નથી. આમ, રેકર્ડ ઉપર રજુ થયેલ સમગ્ર પુરાવાથી ફરિયાદ પક્ષ આરોપી સામેનો આક્ષેપીત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરવામાં સફળ રહેલા છે જેથી આરોપીને તકસીરવાન ઠરાવી સખત સજા કરવા રજુઆત કરેલ છે.

<u>બચાવ પક્ષે દલીલો</u>

(૬) બચાવ પક્ષ તરફે વિ.વકીલશ્રીની રજુઆત છે કે, આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ હેઠળના ગુન્હાના આક્ષેપો છે. આ આક્ષેપો પુરવાર કરવા માટે આરોપી ધ્વારા લાંચની માંગણી, લાંચની રકમનો સ્વીકાર અને લાંચની રકમની રીકવરી નિ:શંકપણે પુરવાર થવી જોઇએ. આ કામે ફરિયાદ પક્ષ તરફે ફરિયાદી ઇસ્માઇલભાઇ અહમદભાઇ પટેલને સાહેદ નં. ૧ તરીકે આંક–૪૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદનો પુરાવો જોતાં ફરિયાદી પાસે દારપણાનો દાખલો કાઢી આપવા માટે રૂા.૫,૦૦૦/– ની લાંચની માંગણી મામલતદાર સરવૈયાએ કરેલ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. આ કામના આરોપીએ ફરિયાદી પાસે કોઇ લાંચની માંગણી કરી હોય કે લાંચની રકમ સ્વીકારેલ હોય તેવો કોઇ પુરાવો પોતાની જુબાનીમાં આપેલ નથી. આ કામે આંક–૪૫ થી રજુ થયેલ ફરિયાદમાં પણ આ કામના આરોપી મનહરભાઇ પ્રજાપતિ કોઇ પણ પ્રકારના આક્ષેપ નથી. આંક–૪૫ ની ફરિયાદ હકીકત જોતાં મામલતદાર સરવૈયાએ ફરિયાદીને જણાવેલ કે રૂા.૫,૦૦૦/– લઇને આવો એટલે હુ તરત દારપણાના દાખલામાં સહી કરી આપીશ, તે સિવાય કામ થશે નહી તેમ જણાવેલ હોવાનું દર્શાવેલ છે. આમ, ફરિયાદમાં મામલતદાર સરવૈયા વતી અન્ય કોઇ વ્યકિતને રૂા.૫,૦૦૦/– આપવાના હતા તેવી કોઇ હકીકત જણાતી નથી. આ કામે ફરિયાદીની ઉલટ તપાસ જોતાં એ હકીકત કબુલેલ છે કે સોલવંસી સર્ટીફીકેટ આપવાની અને

તેમાં સહી કરવાની સત્તા મામલતદારને છે. ફરિયાદીની સમગ્ર જુબાની જોતાં તેમાં આ કામના આરોપી મનહરભાઇને ગુન્હમાં સંડોવતો કોઇ પુરાવો રજુ થયેલ નથી. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં.ર તરીકે પંચ નં. ૧ દિલીપભાઇ નંદલાલ યાદવને આંક-૪૮ થી તપાસવામાં આવેલા છે. આ પંચ-સાહેદ ફરિયાદી સાથે મામલતદાર કચેરી, જંબુસરમાં ગયેલા નથી અને તેઓએ મામલતદાર ઓફિસની અંદર શું બનાવ બનેલ છે તે નજરે જોયેલ નથી તેમજ ઓફિસમાં ફરિયાદી સાથે કોણે વાત કરી, શું વાત થઇ તે સાંભળેલ નથી. આ કામે રજુ થયેલ પુરાવો જોતાં આરોપી મનહરભાઇ પાસેથી લાંચની રકમ મળી આવેલ નથી. આ ઉપરાંત આ પંચ-સાહેદની રૂબરૂ ચા વાળાને નોટ બદલવા આપી, કરીયાણાવાળાને આપ્યા, મોબાઇલ વાળાને આપ્યા તેવા કોઇ વ્યવહાર થયેલ નથી. આ પંચ-સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે સરવૈયા સાહેબની રેઇડ નિષ્ફળ જતા ફરિયાદીના કહેવાથી તેઓ મનહરભાઇ પ્રજાપતિના ટેબલે ગયેલા. તેઓ મનહરભાઇ ગયા ત્યાં રૂા.૫,૦૦૦/- હતા નહી અને ત્યાંથી મળી આવેલ નહી. એ હકીકત પણ કબુલેલ છે કે મનહરભાઇએ પુછપરછમાં લાંચની રકમ અંગે તેઓ કંઇ જાણતા નથી તેવું જણાવેલુ. એ હકીકત કબુલેલ છે કે મનહરભાઇ પ્રજાપતિએ લાંચની બાબતમાં કોઇ પણ વાત સ્વીકારવાની ના પાડેલ. આ પંચ-સાહેદના પુરાવાથી આરોપીની ગુન્હાના કામે સંડોવણી હોવાનું નિ:શંકપણે જણાતુ નથી. ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ તરીકે સી.ડી.માની વાર્તાલાપના ટ્રાન્સક્રીપશનના પંચનામા પંચ અનંતકુમાર ભગવતલાલને આંક-૬૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે તેઓ એ.સી.બી.વાળાને, ફરિયાદી કે આરોપીને વ્યકિતગત રીતે ઓળખતા નથી. વાર્તાલાપના ટ્રાન્સક્રીપશનનું પંચનામુ જોતાં તેમાં આરોપી મનહરભાઇએ ફરિયાદી પાસે લાંચની માંગણી કરેલ હોય તેવું જણાતુ નથી. આ કામે તપાસવામાં આવેલા સાહેદ ચંદ્રકાંતભાઇ ચીમનભાઇ પટેલ (આંક-૭૧), સાહેદ જગદીશભાઇ ચંદુભાઇ ગુજજર (આંક-૭૨) નાઓ ફરી

ગયા છે અને ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. આંક–૭૫ થી તપાસવામાં આવેલા મામતલદાર વિશ્વજીતસિંહ એન.સરવૈયા કે જેઓની વિરૂધ્ધ ફરિયાદ આપવામાં આવેલ છે તેઓની જુબાની જોતાં તેઓએ પણ ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી અને આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો કોઈ પુરાવો આપેલ નથી. આ કામે લાંચના છટકાનું આયોજન કરનાર પોલીસ ઇન્સ્પેકટરશ્રી ગૌતમભાઇ ડી.પલસાણાને આંક–૮૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદનો પુરાવો જોતાં સરવૈયા સાહેબે લાંચની રકમ કવરમાં મુકી એકલા જ આવવા ફરિયાદીને જણાવેલ હોવાનું જણાય છે. તપાસ કરનાર અધિકારીએ ઉલટ તપાસમાં કબુલેલ છે કે આક્ષેપ મુજબ પૈસા માલતદારને જ આપવાના હતા અને બીજા કોઈ થકી લેવાના ન હતા. સોલવંશી સર્ટીફીકેટમાં મામલતદારની સહી થાય છે અને કલાર્ક ધ્વારા તેની નોંધણી કરવામાં આવે છે. આમ, નાયબ મામલતદારે સોલવંશી સર્ટીફીકેટ આપવાનું હોતુ નથી જેથી આરોપી કે જેઓ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવે છે તેઓએ સોલવંશી સર્ટીફીકેટ આપવા માટે લાંચની માંગણી કરેલ હોવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. આરોપી પાસેથી કોઈ કવર કે લાંચની રકમ મળી આવેલ નહી. લાંચના છટકાનું આયોજન કરનાર અધિકારીના પુરાવાને ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતુ નથી તેમજ તેઓએ ઉલટ તપાસમાં કબુલેલી હકીકતોથી તેઓનો પુરાવો શંકાસ્પદ બની જાય છે. ફરિયાદ પક્ષ્ તરફે આંક–૮૪ થી તપાસ કરનાર અધિકારી પરેશભાઇ એચ.ભેસાણીયાને તપાસવામાં આવેલા છે. આ સાહેદનો પુરાવો જોતાં તા.૧૭.૦૫.૨૦૧૩ ના ફરિયાદીના નિવેદનમાં ફરિયાદીની સહી શ્રી પલસાણા રૂબરૂ લેવામાં આવેલી. વધુમાં રજુઆત છે કે તપાસ કરનાર અધિકારીએ તપાસને ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતુ નથી. આ કામે પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી)નું પ્રમાણપત્ર રજુ થયેલ નથી. પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ કાગળોનો અભ્યાસ કર્યા વગર અને વિવેક બુધ્ધિનો

ઉપયોગ કર્યા વગર માત્ર યાંત્રીક રીતે રીતે આપવામાં આવેલ છે. ફરિયાદ પક્ષ આરોપ સામેનો આક્ષેપીત ગુન્હો નિ:શંકપણે પુરવાર કરાવમાં નિષ્ફળ રહેલા હોઈ નિર્દોષ ઠરાવી છોડી મુકવા રજુઆત કરેલ છે. આરોપીના વિ.વકીલશ્રીએ નીચે મુજબના ચુકાદાઓ રજુ રાખેલ છે.

(૧) ૨૦૨૩(૪) સ્કેલ ૩૫૯ સુ.કો. – નિરજ દત્તા વિરૂધ્ધ સ્ટેટ (ગર્વમેન્ટ ઓફ એન.સી.ટી. ઓફ દિલ્હી)

(૨) ૨૦૨૫(૪) એસ.સી.સી. ૬૨૪ – મદન લાલ વિરૂધ્ધ સ્ટેટ ઓફ રાજસ્થાન

(૭) આ કામે રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવો ધ્યાને લેતાં આ કેસના નિર્ણય અર્થે નીચે મુજબના મુદ્દા ઉપસ્થિત થાય છે.

૧. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે, આરોપી નાયબ મામલતદાર (મહેસુલ), જંબુસર તરીકે એટલે કે જાહેર સેવક તરીકે બનાવ વખતે ફરજ બજાવતા હતા ?

૨. શું ફરિયાદ પક્ષ નિ:શંકપણે પુરવાર કરે છે કે ફરિયાદીએ દારપણાનો દાખલો મેળવવા માલતદાર કચેરી, જંબુસરમાં અરજી કરતા દારપણાનો દાખલો આપવા માટે રૂા.૫,૦૦૦/– ની લાંચની માંગણી કરવામાં આવતા ફરિયાદીએ એ.સી.બી. કચેરી, વડોદરા મુકામે ફરિયાદ આપતા ફરિયાદના આધારે તા.૧૬.૦૫.૨૦૧૩ ના રોજ મામલતદાર કચેરી, જંબુસર મુકામે લાંચના છટકાનું આયોજન કરતા, તેના ભાગરૂપે ફરિયાદીનાઓ નાયબ મામલતદાર (મહેસુલ) મનહરભાઇ પ્રજાપતિને મળી દારપણાનો દાખલો કઢાવવાની વાત કરતા આરોપી મનહરભાઈએ વ્યવહાર પેટે રૂા.૫,૦૦૦/– ની માંગણી કરતા ફરિયાદીએ મુદ્દાની ફિ.પા.વાળી રૂા.૫,૦૦૦/– નોટો મુકેલ કવર કાઢીને આરોપી મનહરભાઇને આપતા આરોપીએ તે સ્વીકારેલ અને કવરમાં મુકેલી રૂા.૫,૦૦૦/– કવરમાંથી કાઢીને પુરાવાનો નાશ કરવાના ઈરાદે આ ફિ.પા. નોટોને મધ્યાહન

ભોજન યોજનાના સંચાલક જગદીશભાઈ ગુજજરને તે નોટો બદલી આપવા માટે આપી, લાંચના છટકા દરમ્યાન આરોપી લાંચની માંગણી કરી, લાંચની રકમ સ્વીકારતા પકડાઇ ગયેલા અને આ રીતે આરોપી રાજ્ય સેવક તરીકે ફરજ બજાવતા હોઈ પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી કાયદેસરના મહેનતાણા સિવાય લાંચની રૂ.૫,૦૦૦/– ની માંગણી કરી અને તે રકમ સ્વીકારી પોતાના કાયદેસરના મહેનતાણા સિવાયનો ગેરકાયદેસરનો આર્થિક લાભ મેળવી ગુન્હો કરવામાં એકબીજાને મદદગારી કરી ગુન્હો કરી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ ૧૯૮૮ ની કલમ–૭,૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) મુજબનો સજાને પાત્ર ગુન્હો કરેલ છે ?

૩. શું હુકમ ?

(૮) ઉપરોકત મુદ્દાના મારા નિર્ણય નીચે જણાવેલ કારણોસર નીચે મજુબ છે.

૧. હકારમાં.

૨. નકારમાં.

૩. આખરી હુકમ મુજબ

**<u>–:: કા ર ણો ::–</u>**

**<u>મુદ્દા નંબર : ૧ ની ચર્ચા :</u>**

(૯) આ કામે પંચ–સાહેદ દિલીપભાઈ નંદલાલ યાદવના આંક–૪૮, બનાવ વખતે જંબુસર ખાતે મામલતદાર તરીકે ફરજ બજાવતા સાહેદ નં. ૬ વિશ્વજીતસિંહ નવલસિંહ સરવૈયાના આંક–૭૫, લાંચના છટકાનું આયોજન કરનાર સાહેદ નં. ૭ પો.ઈ. ગૌતમભાઇ દેવરાજભાઇ પલસાણાના આંક–૮૧ અને તપાસ કરનાર અધિકારી પરેશભાઇ હરીભાઇ ભેસાણીયાના આંક–૮૪ ના પુરાવા મુજબ આરોપી મનહરભાઇ પ્રજાપતિ જંબુસર મુકામે નાયબ મામલતદાર

(મહેસુલ) તરીકે ફરજ બજાવતા હતા. આ ઉપરાંત લાંચના છટકાનું પંચનામુ, આરોપી સામે ફોજદારી કામ ચલાવવાની મંજુરીનો હુકમ તેમજ રેકર્ડ આધારીત માહિતીથી આરોપી મનહરભાઇ પ્રજાપતિ જંબુસર મુકામે નાયબ મામલતદાર (મહેસુલ) તરીકે ફરજ બજાવતા તેવા સાહેદોના પુરાવાને સમર્થન મળે છે. આ ઉપરાંત આરોપી બનાવના અરસામાં જંબુસર મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા ન હતા તે અંગે કોઇ તકરાર લેવામાં આવેલ નથી. આમ, ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં આરોપી બનાવ વખતે જંબુસર મુકામે મામલતદાર કચેરીમાં નાયબ મામલતદાર (મહેસુલ) તરીકે ફરજ બજાવતા હતા એટલે કે આરોપી બનાવ વખતે જાહેર સેવક તરીકે ફરજ બજાવતા હતા તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી હોઇ **<u>મુદ્દા નંબર : ૧ 'હકારમાં'</u>** ઠરાવવામાં આવે છે.

**<u>મુદ્દા નંબર : ૨ ની ચર્ચા</u> :–**

(૧૦) આ કામે આરોપી વિરૂધ્ધ જે તહોમતનામુ ઘડવામાં આવેલ છે તે પુરવાર માટેનો બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલ છે. ફરિયાદ પક્ષ ધ્વારા નિ:શંકપણે એ હકીકત પુરવાર કરવી પડે કે આરોપીએ કાયદેસરના મહેનતાણા સ્વિાયનું તોરણ મેળવવા માંગણી કરેલ છે અને તે સ્વીકારેલ છે કે મેળવેલ છે, સ્વીકાર સહમત થયેલ છે અથવા તે મેળવવા પ્રયત્ન કરેલ છે અને આરોપીએ ગેરકાયદેસર રીતે પોતાના માટે આર્થિક ફાયદો પોતાના હોદ્દાનો દુરઉપયોગ કરી મેળવેલ છે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ ની કલમ–૨૦ હેઠળ રાજય સેવક કાયદેસરના મહેનતાણા સિવાયનો લાભ (પરિતોષણ) લે ત્યારે તે વિશે અનુમાન કરવાનું રહે છે કે રાજય સેવકે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ ની કલમ–૭ માં જણાવ્યા પ્રમાણેના પ્રેરક હેતુ અથવા બદલા તરીકે અથવા યથાપ્રસંગ, કઇ અવેજ આપ્યા વિના તોષણ અથવા કિંમતી વસ્તુ મેળવેલ છે. આમ, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ ની કલમ–૨૦ હેઠળનું અનુમાન કરતા પહેલા આરોપીએ કાયદેસરના મહેનતાણા સિવાયનું તોષણ સ્વીકારેલ છે

અથવા સ્વીકારવા સહમત થયેલ છે અથવા પ્રયત્ન કરેલ છે તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

(૧૧) ના.સર્વોચ્ચ અદાલત ધ્વારા કાયદાનો સિધ્ધાંત પ્રતિપાદીત કરેલ છે કે જો ફરિયાદ પક્ષ ધ્વારા લાંચની રકમની માંગણી પુરવાર કરવામાં ન આવે તો ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ ની કલમ–૨૦ હેઠળનું અનુમાન થઇ શકે નહી અને માત્ર રકમ આરોપી પાસેથી મળી આવવાથી આરોપી વિરૂધ્ધનો ગુન્હો પુરવાર થતો નથી. ના.સર્વોચ્ચ અદાલતે ૨૦૧૬ એ.આઇ.આર. ૨૯૪ – કિશનચંદ્ર વિરૂધ્ધ સ્ટેટ ઓફ દિલ્હીના ચુકાદામાં નીચે મુજબ ઠરાવેલ છે.

"34 It is well settled position of law that the demand for the bribe money is sine qua non to convict the accused for the offences punishable under Section 7 and 13(1)(d) read Section 13(2) of the PC Act"

"23"The proof of demand of illegal gratifcation,thus,is the gravamen of the offence under Section 7 and 13(1)(d)(i)&(ii) of the Act and in absence thereof, unmistakably the charge therefore,would fail. Mere acceptance of any amount allegedly by way of illegal gratifcation or recovery thereof, dehors the proof of demand, ipso facto,would thus not be sufficient to bring home the charge under these two section of the Act.As a corollary,failure of the prosecution to prove the demand for illegal gratifcation would be fatal and mere recovery of the amount from the person accused of the offence under section 7 or 13 of the Act would not entail his conviction thereunder. (emphasis supplied)."

(૧૨) આરોપી વિરૂધ્ધનો ગુન્હો પુરવાર કરવા માટે ફરિયાદ પક્ષ્ ધ્વારા ત્રણ આવશ્યક તત્તવો એટલે કે લાંચની માંગણી, તેનો સ્વીકાર તેમજ નાણાની રીકવરી નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે. માત્ર નાણા

મળી આવવાથી ગુન્હો પુરવાર થતો નથી અને નાણાની માંગણીના પુરાવાના અભાવે આરોપ વિરૂધ્ધ ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ–૭,૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) હેઠળનો ગુન્હો પુરવાર થઇ શકતો નથી.

(૧૩) આ કામના આરોપી સામે ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ ની કલમ–૭,૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) મુજબના ગુન્હાનો આક્ષેપ છે. આ કામે બનાવ તા.૧૬.૦૫.૨૦૧૩ ના રોજ બનેલ છે. જેથી સને ૨૦૧૮ ના સુધારા પહેલાની કલમ–૭,૧૨,૧૩(૧)(ઘ) તથા ૧૩(૨) જોવામાં આવે તો, તે નીચે મુજબ છે.

**"7. Public servant taking gratification other than legal remuneration in respect of an official act.-** Whoever, being, or expecting to be a public servant, accepts or obtains or agrees to accept or attempts to obtain from any person, for himself or for any other person, any gratification whatever, other than legal remuneration, as a motive or reward for doing or forbearing to do any official act or for showing or forbearing to show, in the exercise of his official functions, favour or disfavour to any person or for rendering or attempting to render any service or disservice to any person, with the Central Government or any State Government or Parliament or the Legislature of any State or with any local authority, corporation or Government company referred to in clause (c) of section 2, or with any public servant, whether named or otherwise, shall be punishable with imprisonment which shall be not less than three years but which may extend to seven years and shall also be liable to fine.

**12. Punishment for abetment of offences :**

Punishment for abetment of offences definded in section 7 or 11 - Whoever abets any offence punishable under section 7 or section 11 whether or not that offence is committed in consequence of the abetment, shall be punishable with imprisonment for a term which shall not less than three years but which may extend to seven years and shall also be liable to fine.

**13. Criminal misconduct by a public servant.-**

**(1)** A public servant is said to commit the offence of criminal misconduct,-

**(a) ...................................**

**(b) ...................................**

**(c) ...................................**

**(d)** if he, -

**(i)** by corrupt or illegal means, obtains for himself or for any other person any valuable thing or pecuniary advantage; or

**(ii)** by abusing his position as a public servant, obtains for himself or for any other person any valuable thing or pecuniary advantage; or

**(iii)** while holding office as a public servant, obtains for any person any valuable thing or pecuniary advantage without any public interest;

**13(2)** : Any public servant who commits criminal misconduct shall be punishable with imprisonment for a term which shall be not less than four years but which may extend to

ten years and shall also be liable to fine."

(૧૪) આ કામે પુરાવાની ચર્ચા કરતા પહેલા કલમ–૨૦ પણ ધ્યાને લેવી જરૂરી જણાય છે, જે નીચે મુજબ છે.

**"Section-20. Presumption where public servant accepts gratification other than legal remuneration.-**(1) Where in any trial of an offence punishable under Section 7 or section 11 or clause (a) or clause (b) of sub- section (1) of section 13 it is proved that an accused person has accepted or obtained or has agreed to accept or attempted to obtain for himself, or for any other person, any gratification (other than legal remuneration) or any valuable thing from any person, it shall be presumed, unless the contrary is proved, that he accepted or obtained or agreed to accept or attempted to obtain that gratification or that valuable thing, as the case may be, as a motive or reward such as is mentioned in section 7 or, as the case may be, without consideration or for a consideration which he knows to be inadequate.

**(2)** Where in any trial of an offence punishable under section 12 or under clause (b) of section 14, it is proved that any gratification (other than legal remuneration) or any valuable thing has been given or offered to be given or attempted to be given by an accused person, it shall be presumed, unless the contrary is proved, that he gave or offered to give or attempted to give that gratification or that valuable thing, as the case may be, as a motive or reward such as is mentioned in section 7, or as the case

may be, without consideration or for a consideration which he knows to be inadequate.

**(3)** Notwithstanding anything contained in sub-sections (1) and (2), the court may decline to draw the presumption referred to in either of the said sub-sections, if the gratification or thing aforesaid is, in its opinion, so trivial that no interference of corruption may fairly be drawn."

(૧૫) આ તબકકે ના.સર્વોચ્ચ અદાલતનો ૨૦૨૩(૪) એસ.સી.સી. ૭૩૧ – નિરજ દત્તા વિરૂધ્ધ સ્ટેટ (ગર્વમેન્ટ ઓફ એન.સી.ટી. ઓફ દિલ્હી) નો ચુકાદો ધ્યાને લેવાપાત્ર છે, જેમાં ફકરા નં. ૬૮ અને ૭૦ માં ના.સર્વોચ્ચ અદાલતે નીચે મુજબ ઠરાવેલ છે.

**“68.** What emerges from the aforesaid discussion is summarised as under:

**(a)** Proof of demand and acceptance of illegal gratification by a public servant as a fact in issue by the prosecution is a sine qua non in order to establish the guilt of the accused public servant under Sections 7 and 13(1)(d)(i) and (ii) of the Act.

**(b)** In order to bring home the guilt of the accused, the prosecution has to first prove the demand of illegal gratification and the subsequent acceptance as a matter of fact. This fact in issue can be proved either by direct evidence which can be in the nature of oral evidence or documentary evidence.

**(c)** Further, the fact in issue, namely, the proof of demand and acceptance of illegal gratification can also be proved by circumstantial evidence in the absence of direct oral and documentary evidence.

**(d)** In order to prove the fact in issue, namely, the

demand and acceptance of illegal gratification by the public servant, the following aspects have to be borne in mind:

**(i)** if there is an offer to pay by the bribe giver without there being any demand from the public servant and the latter simply accepts the offer and receives the illegal gratification, it is a case of acceptance as per Section 7 of the Act. In such a case, there need not be a prior demand by the public servant.

**(ii)** On the other hand, if the public servant makes a demand and the bribe giver accepts the demand and tenders the demanded gratification which in turn is received by the public servant, it is a case of obtainment. In the case of obtainment, the prior demand for illegal gratification emanates from the public servant. This is an offence under Section 13(1) (d)(i) and (ii) of the Act.

**(iii)** In both cases of (i) and (ii) above, the offer by the bribe giver and the demand by the public servant respectively have to be proved by the prosecution as a fact in issue. In other words, mere acceptance or receipt of an illegal gratification without anything more would not make it an offence under Section 7 or Section 13(1)(d), (i) and (ii) respectively of the Act. Therefore, under Section 7 of the Act, in order to bring home the offence, there must be an offer which emanates from the bribe giver which is accepted by the public servant which would make it an offence. Similarly, a prior demand by the public servant when accepted by the bribe

giver and in turn there is a payment made which is received by the public servant, would be an offence of obtainment under Section 13(1)(d) and (i) and (ii) of the Act.

**(e)** The presumption of fact with regard to the demand and acceptance or obtainment of an illegal gratification may be made by a court of law by way of an inference only when the foundational facts have been proved by relevant oral and documentary evidence and not in the absence thereof. On the basis of the material on record, the Court has the discretion to raise a presumption of fact while considering whether the fact of demand has been proved by the prosecution or not. Of course, a presumption of fact is subject to rebuttal by the accused and in the absence of rebuttal presumption stands.

**(f)** In the event the complainant turns 'hostile', or has died or is unavailable to let in his evidence during trial, demand of illegal gratification can be proved by letting in the evidence of any other witness who can again let in evidence, either orally or by documentary evidence or the prosecution can prove the case by circumstantial evidence. The trial does not abate nor does it result in an order of acquittal of the accused public servant.

**(g)** In so far as Section 7 of the Act is concerned, on the proof of the facts in issue, Section 20 mandates the court to raise a presumption that the illegal gratification was for the purpose of a motive or reward as mentioned in the said Section. The said

presumption has to be raised by the court as a legal presumption or a presumption in law. Of course, the said presumption is also subject to rebuttal. Section 20 does not apply to Section 13(1)(d) (i) and (ii) of the Act.

**(h)** We clarify that the presumption in law under Section 20 of the Act is distinct from presumption of fact referred to above in point (e) as the former is a mandatory presumption while the latter is discretionary in nature.

**70.** Accordingly, the question referred for consideration of this Constitution Bench is answered as under:

In the absence of evidence of the complainant (direct/ primary, oral/ documentary evidence), it is permissible to draw an inferential deduction of culpability/guilt of a public servant under Section 7 and Section 13(1) d) read with Section 13(2) of the Act based on other evidence adduced by the prosecution."

(૧૬) આમ, ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ ની કાયદાકીય જોગવાઈઓ તેમજ ના.સર્વોચ્ચ અદાલતની બંધારણીય પીઠખંડનો ચુકાદો ધ્યાને લેતાં ફરિયાદ પક્ષ ધ્વારા લાંચની રકમની માંગણી અને તેનો સ્વીકાર નિ:શંકપણે પુરવાર કરવાના રહે છે. આ હકીકત ફરિયાદ પક્ષ ધ્વારા સીધો મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવાથી તેમજ જો સીધો પુરાવો ન હોય તો સાંયોગીક પુરાવાથી પણ પુરવાર કરી શકાય છે. ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ,૧૯૮૮ ની કલમ–૨૦ મુજબનું અનુમાન ત્યારે જ થઇ શકે છે કે જયારે પાયાના તથ્યો ફરિયાદ પક્ષ તરફથી પુરવાર કરેલ હોય.

**<u>પુરાવાનું મૂલ્યાંકન :</u>**

(૧૭) આ કામે રજુ થયેલ પુરાવાનું મૂલ્યાંકન કરવામાં આવે તો, ફરિયાદ પક્ષ તરફે આંક-૪૪ થી ફરિયાદી ઈસ્માઈલભાઈ અહમદભાઈ પટેલને આંક-૪૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે સોગંદ ઉપરની જુબાનીમાં જણાવેલ છે કે તેઓ સારોદ મુકામે રહે છે અને ખેતીકામ કરે છે. બનાવ સમયે તેઓ સારોદ ગામના સરપંચ હતા. બનાવ તા.૧૩.૦૫.૨૦૧૩ ના રોજ બનેલો. તેઓને જંબુસર કોર્ટમાં દારપણાનો દાખલો રજુ કરવાનો હોય તેઓ મામલતદાર સરવૈયા સાહેબને તેમની ઓફિસમાં મળેલા. તેઓએ તેમને રૂપિયા પાંચ લાખનો દારપણાનો દાખલો કાઢવા માટે કહેલું. ત્યારે તેમણે કહેલ કે તમે એક અરજી આપી દો અને પાંચ હજાર રૂપીયા આપો એટલે તમને સોલ્વંસી મળી જશે. જેથી તેઓએ મામલતદાર ઓફિસમાંથી એક સ્ટેમ્પ વેન્ડર પાસે અરજી લખાવી તેમાં તેમણે સહી કરેલી અને તેમના ગામના તલાટી કમ મંત્રી ગીરીશભાઈને બોલાવી રુબરુ માં તેઓએ અરજી આપેલી અને તેમણે તેઓનો જવાબ લીધેલો અને પંચકયાસ કરી આપેલો. તેની સાથે તેઓના નામના બે દારપણાના દાખલાના નમુનાના ફોર્મ ભરી આપેલા અને તેમાં તેમણે સહી સિકકા કરી આપેલા. તેમની અરજી સાથે તેઓએ તેઓની સારોદ ગામની જમીનના ૭-૧૨ અને ૮-અ ના ઉતારાની ઝેરોક્ષ નકલો અને જંત્રીની નકલો આપેલી અને તલાટી ગિરીશભાઈએ આ બધા અરજી સહીતના કાગળો તેઓને આપતા તેઓએ તેની એક ઝેરોક્ષ નકલ કાઢી આપેલી. જે તેઓએ એ.સી.બી. રૂબરૂ તેઓની ફરિયાદ નોંધાવી તેની સાથે રજુ છે. સારોદ ખાતેની તેઓની જમીન તેઓના પિતા એહમદ હાજી આદમ વલી ચશ્મા સાથે સંયુક્ત હકકોની હતી. તેથી તલાટીએ તેઓના પિતાનો ૨૦ રૂા. ના સ્ટેમ્પ પેપર ઉપર સંમતિ પત્રક મેળવવાનો તેમજ બીજા તેટલી જ રકમના સ્ટેમ્પ ઉપર સોગંદનામુ કરવાનું જણાવેલુ તેથી તેઓએ તા. ૧૪.૦૫.૨૦૧૩ ના રોજ સવારે ૧૨ વાગે અરજી સાથે અસલ સોગંદનામુ અને સંમતિ પત્રક જોડી મામલતદાર સાહેબશ્રી સરવૈયા સાહેબને મળેલો અને તેમણે અરજી અને તેની

સાથેના અસલ અને નકલ કાગળો રાખી લીધેલા અને તેઓને જણાવેલ કે રૂપિયા પાંચ હજાર લઈ આવો એટલે હુ તરત જ દારપણાના દાખલામાં સહી સિકકા કરી આપીશ. એ સિવાય તમારું કામ થશે નહી. તેથી તેઓ ઓફિસમાંથી બહાર નીકળી ગયેલા. તેઓની એ.સી.બી. રૂબરૂ ની ફરિયાદમાં તેઓએ ઉપર જણાવેલ સોગંદનામુ કરવા તેઓના પિતાનું સંમતિ પત્રની ઝેરોક્ષ નકલ રજુ કરેલ. તેઓ મામલતદારશ્રી સરવૈયાને પાંચ હજારની રકમની લાંચ આપવા માંગતા ન હતા તેથી તેઓએ એ.સી.બી. વડોદરા ખાતે જઈ તેઓની ફરિયાદ નોંધાવેલ. તેની સાથે તલાટી કમ મંત્રી તેમજ સર્કલ ઓફિસર કાવીના અભિપ્રાયની ઝેરોક્ષ નકલો પણ રજુ કરેલી. તેઓને સરવૈયા સાહેબ સાથે કોઈ લેવડદેવડના વ્યવહાર ન હતા કે તેઓની સાથે તેઓને કોઈ વેરઝેર ન હતા. તેઓએ ફરિયાદ સાથે ઉપર જણાવેલ દસ્તાવેજો રજુ કરેલા. વધુમાં ફરિયાદીએ પોતાની જુબાનીમાં એ.સી.બી. કચેરીએ પંચોને બોલાવીને તેઓ અને પંચો તેમજ એ.સી.બી. સ્ટાફના માણસોની હાજરીમાં એ.સી.બી.પોલીસ સ્ટેશના પી.આઇ.શ્રીએ લાંચના છટકાનું આયોજન કરી જે કાર્યવાહી કરી તે અંગેની હકીકતો જણાવી તે રીતનું પ્રથમ ભાગનું પંચનામુ પુરુ કરી તેઓ ખાનગી તવેરા ગાડીમાં ૧૨–૪૦ વાગે જંબુસર પહોચેલા તેવો પુરાવો આપેલ છે. આ ઉપરાંત ફરિયાદીએ પોતાની જુબાનીમાં તેઓ મામલતદાર ઓફિસમાં ગયેલા અને પંચો તથા રેડીંગ પાર્ટીના સભ્યો ત્યાં રાહ જોતાં ઓફિસની આજુબાજુ ગોઠવાઈ ગયેલા. ત્યારબાદ બપોરે તેઓ કોઈ પણ જાતનો ઈશારો કર્યા વગર તવેરા ગાડી તરફ પાછા આવેલા. તે પછી શ્રી ઓઝાએ તેઓની પાસે ઓડિયો વિડીયો રેકોર્ડરના બંને સાધનો બંધ કરી કાઢી લીધેલા અને પંચ નં.૧ ને સોંપી દીધેલા. તે પછી તેઓને પુછતા તેઓએ જણાવેલ કે ''હુ ગાડીમાંથી ઉતરી સરવૈયા સાહેબની ઓફિસમાં ગયેલો અને ત્યાં ઘણા બધા માણસો હાજર હતા. મે દારપણાના દાખલા બાબતે સરવૈયા સાહેબને પુછતા તેમણે જણાવેલ કે એક છોકરો તમારી સાથે મોકલુ છુ તેને તમે

પૈસા આપી દેજો. જેથી હું ઓફિસમાંથી બહાર નીકળેલો. મારી સાથે છોકરો આવેલો તેને મે ઓફિસની બહાર આવી તેને પાંચ હજાર રૂપિયા જે કવરમા હતા તે તેને આપી દીધેલા.'' પછી તેઓ પાછા ગાડી ઉપર આવી ગયેલા અને ત્યાં ઘણા બધા માણસો ભેગા થઇ ગયેલા. જેથી તેઓને પી.આઇ. સાહેબ જંબુસર ગેસ્ટ હાઉસમાં લઇ ગયેલા અને બાદ તેઓને છુટો કરતા તેઓ પાછા ઘરે જતા રહેલા. તે પછી ગેસ્ટ હાઉસમાં શું કાર્યવાહી થઇ તેની તેઓને ખબર નથી. તેઓ જે વ્યકિતને પૈસા આપેલા તેઓને ઓળખતા નથી તેવો પુરાવો આપેલ છે. ફરિયાદીની જુબાનીમાં આંક–૪૫ થી ફરિયાદ રજુ કરવામાં આવેલ છે. ફરિયાદીએ પોતાની જુબાનીમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ ન હોઇ વિ.એ.પી.પી.શ્રીએ ફરિયાદીને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પોલીસ નિવેદનમાંની હકીકતો તેઓએ લખાવેલ હોવાનો ઇન્કાર કરેલ છે. આંક–૪૫ થી રજુ થયેલ ફરિયાદ હકીકત જોતાં ફરિયાદમાં જંબુસર મુકામે મામલતદાર તરીકે ફરજ બજાવતા વી.એન.સરવૈયાનાઓ વિરૂધ્ધ દારપણાનો દાખલો કઢવવા માટે રૂા.૫,૦૦૦/– ની લાંચની માંગણી કરેલ હોવાનો આક્ષેપ છે. આંક–૪૫ ની ફરિયાદમાં આ કામના આરોપી મનહરભાઇ પ્રજાપતિએ ફરિયાદી પાસે લાંચની માંગણી કરેલ હોય કે ફરિયાદી આરોપી મનહરભાઇ પ્રજાપતિને મળ્યા હોય તે અંગેનો કોઇ આક્ષેપ નથી. ફરિયાદીના કોર્ટ રૂબરૂના પુરાવામાં પણ હાલના આરોપી વિરૂધ્ધ કોઇ હકીકત જણાવેલ નથી.

૧૭.૧ બચાવ પક્ષ તરફે કરવામાં આવેલી ઉલટ તપાસમાં ફરિયાદીએ કબુલેલ છે કે સોલવન્સી સર્ટીફીકેટ આપવાની અને તેમાં સહી કરવાની સત્તા મામલતદારને છે. એ હકીકત કબુલેલ છે કે તેઓ મામલતદાર ઓફિસના સ્ટાફને ઓળખે છે. તે હકીકત કબુલેલ છે કે મામલતદારે તેમની પાસે પૈસાની માંગણી કરેલી અને તે આપવા માટે તેઓ તૈયાર ન હોય તેમણે એ.સી.બી.માં ફરિયાદ કરેલી. એ હકીકત કબુલેલ છે કે તેઓ અને પંચ નં.૧ ટ્રેપ દરમ્યાન મામલતદારની

ચેમ્બરમાં ગયેલા અને તેમણે પૈસા આપવાની વાત કરી આ પૈસા પેલા છોકરાને આપી દો તેમ જણાવેલુ. એ હકીકત કબુલેલ છે કે મામલતદારના કહેવા મુજબ તેઓએ તે છોકરાને રકમ આપેલી અને તે પછી તેઓ ઓફિસમાંથી બહાર નીકળી ગયેલા. એ હકીકત કબુલેલ છે કે ત્યારબાદ ત્યાં શું થયેલુ તેની ખબર નથી. એ હકીકત કબુલેલ છે કે તેઓ રેઇડના દિવસે મામલતદાર ઓફિસમાંથી નીકળ્યા બાદ પોલીસે તેમને કયારેય બોલાવેલ નથી અને તેમનું કોઇ નિવેદન લીધેલ નથી.

૧૭.૨ આમ, ફરિયાદીની જુબાનીથી તેમજ આંક-૪૫ થી રજુ થયેલ ફરિયાદ હકીકતથી આ કામના આરોપી મનહરભાઇ પ્રજાપતિએ ફરિયાદી પાસે કોઇ લાંચની માંગણી કરેલ હોય કે લાંચની રકમનો સ્વીકારેલ કરેલ હોય કે આરોપી મનહરભાઇ પ્રજાપતિ કે જેઓ નાયબ મામલતદાર તરીકે ફરજ બજાવતા હોઇ તેઓ પાસે દારપણાનો દાખલો આપવા માટેની કોઇ સત્તા હોય તેવું નિ:શંકપણે પુરવાર થતુ નથી.

(૧૮) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૨ તરીકે લાંચના છટકાના પંચનામાના પંચ નં. ૧ દિલીપભાઇ નંદલાવ યાદવને આંક-૪૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે પોતાના પુરાવામાં તેઓ વડોદરા ખાતે એમ.જી.વી.સી.એલ. કંપનીમાં જુનીયર ઇજનેર તરીકે ફરજ બજાવતા હતા તે દરમ્યાન તા.૧૫.૦૫.૨૦૧૩ ના રોજ તેમના ઉપરી અધિકારીએ તેઓને અને બીજા કર્મચારી આશિષકુમાર અમૃતલાલને એ.સી.બી. કચેરી વડોદરા ખાતે પંચમાં જવાની સુચના આપતા તેઓ તા.૧૬.૦૫.૨૦૧૩ ના રોજ એ.સી.બી. કચેરીએ ગયેલા. આ સાહેદે પોતાની જુબાનીમાં એ.સી.બી. કચેરીમાં તેઓને ફરિયાદીની ઓળખ આપેલ હોવાનો, તેઓ અને ફરિયાદીની હાજરીમાં ત્યાં લાંચના છટકાનું આયોજન કરી જે કાર્યવાહી કરવામાં આવેલી તેનો પુરાવો આપેલ છે. આ પંચ-સાહેદે વધુમાં જણાવેલ છે કે પ્રથમ ભાગનું પંચનામુ પુર્ણ કરી તેઓ તવેરા ગાડીમાં વડોદરાથી જંબુસર આક્ષેપીતની કચેરીએ ગયેલા. ફરિયાદી વાહનમાં ઉતરીને આગળ ગયેલા. બંને પંચો તથા એ.સી.બી. સ્ટાફના માણસો જંબુસર કચેરીમાં

આજુબાજુ ગોઠવાઇ ગયેલા. ફરિયાદી કોઇ પણ જાતનો ઈશારો કર્યા વગર અડધા કલાક પછી ગાડી તરફ પરત આવેલા જેથી ફરિયાદીને શું થયુ તે બાબતે પુછતા ફરિયાદીએ જણાવેલ કે ''તેઓ સરવૈયા સાહેબની ચેમ્બરમાં ગયા ત્યારે ઘણા બધા માણસો હાજર હતા જેથી તેઓએ નાયબ મામલતદાર મનહરભાઈને મળી દારપણાના દાખલા બાબતે પૂછતા તેઓએ તેમની પાસે સાહેબને રૂ.૫,૦૦૦/– આપવા પડશે જે તારે મને ટેમ્પાના ભાડા પેટે આપવાના છે. જેથી તેઓએ તેમને ક્યા ભાડાની વાત કરો છો તેમ પૂછતા તેમણે કહેલ કે હાલમાં ઘણું કામ છે તમો જતા રહો હું તમને ફોન કરું ત્યારે આવજો તમારો દારપણાનો દાખલ મે સાહેબની સહી કરાવી તૈયાર રાખેલ છે. ત્યારબાદ તેઓ સરવૈયા સાહેબની ચેમ્બરમાં ગયેલા ત્યારે તેઓએ સાહેબને દારપણાના દાખલના રૂા.૫,૦૦૦/– આપવાની વાત કરતા સરવૈયા સાહેબએ પૈસા લેવાની ના પાડેલી.'' સાહેદે વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ ઉપરોક્ત હકીકત બાબતે ઓડીયો વીડીયો રેકોડીંગ ચાલુ કરી જોતાં ફરિયાદીએ કહેલ વાતને સમર્થન મળેલું.

૧૮.૧ આ પંચ–સાહેદનો પુરાવો જોતાં તેઓ ફરિયાદીની સાથે મામલતદાર કચેરીમાં ગયેલા નથી અને કચેરીમાં જઇ ફરિયાદી કોને મળેલા અને કોની સાથે શું વાતચીત થઇ તેની આ પંચ–સાહેદને કોઇ જાત માહિતી નથી. ફરિયાદીના કહેવાથી આરોપીએ રૂા.૫,૦૦૦/– ની માંગણી કરેલ હોવાનું જાણેલુ તેવી હકીકત રેકર્ડ ઉપર આવેલ છે. પરંતુ ફરિયાદીએ પોતાના પુરાવામાં તેઓ આરોપી મનહરભાઇ પ્રજાપતિને મળ્યા હોય અને મનહરભાઇ પ્રજાપતિએ ફરિયાદી પાસે રૂા.૫,૦૦૦/– ની દારપણાના દાખલા માટે માંગણી કરેલ હોય તે હકીકતને સમર્થન કરેલ નથી, ઉલટાનું ઈન્કાર કરેલ છે. આ ઉપરાંત પંચ–સાહેદે પોતાના પુરાવામાં જણાવેલ છે કે ત્યારબાદ ઉપરોક્ત હકીકત બાબતે ઓડીયો વીડીયો રેકોડીંગ ચાલુ કરી જોતાં ફરિયાદીએ કહેલ વાતને સમર્થન મળેલું. પરંતુ આ પંચ–સાહેદ આરોપી મનહરભાઇના અવાજથી પરિચીત હોય કે આરોપી મનહરભાઇને

ઓળખતા હોય તેવું જણાતુ નથી. જેથી ઓડીયો વિડીયો રેકોર્ડીંગથી ફરિયાદીએ કહેલ વાતને સમર્થન મળે છે તેવો આ પંચ–સાહેદે જે પુરાવો આપેલ છે તે પુરાવો શંકાસ્પદ બની રહે છે અને આ પુરાવો સ્વીકારી શકાય તેમ નથી.

૧૮.૨ આ પંચ–સાહેદે પોતાના પુરાવામાં વધુમાં જણાવેલ છે કે ત્યારબાદ આશરે અડધો એક કલાક પછી નાયબ મામલતદારનો ફોન ફરિયાદીના ફોન નંબર ઉપર આવેલો અને આ ફોન સ્પીકર ઉપર રાખી વાત કરતા આશરે અડધો મીનીટ વાત ચાલેલી અને તેમણે ફરિયાદીને મળવા માટે બોલાવેલા. તે પછી શ્રી ઓઝાએ તેઓની પાસે રહેલ ઓડીયો વિડીયો રેકોડીંગ બંને સાધનો ઈસ્માઈલભાઈને ગોઠવી આપેલા. ત્યારબાદ ફરિયાદી દારપણાનો દાખલ મેળવવા માટે રવાના થયેલા અને તેમની પાછળ તેઓ પંચો તથા સ્ટાફના માણસો ગયેલા અને ઓફિસમાં ગોઠવાઈ ગયેલા. ફરિયાદી ઈસ્માઈલભાઈ અહેમદભાઈ દ્વારા તા. ૧૬.૦૫.૨૦૧૩ ના રોજ કલાક ૧૪–૩૨ વાગે એ.સી.બી.ના પી.આઈ.શ્રી પલસાણીયા સાહેબને મીસકોલ કરવામાં આવેલો. મીસકોલ આવતા પલસાણીયા સાહેબ અને રેડીંગ પાર્ટીના સભ્યો કે તેઓની સાથે આસીષભાઈ મેણાંક, પલસાણીયા સાહેબ અને પલસાણીયા સાહેબની કચેરીના માણસો નાયબ મામલતદાર સાહેબની કચેરી જંબુસર ખાતે ગયેલા. તેઓ મામલતદાર સાહેબની કચેરીમાં જે જગ્યાએ આરોપી મનહરભાઈ બેસે છે તે જગ્યાએ ગયેલા. ફરિયાદી ઈસ્માઈલભાઈએ મનહરભાઈ તરફ આંગળીનો ઈશારો કરી રેડીંગ પાર્ટી કે જેમાં પલસાણીયા સાહેબ હતા તેમને જણાવેલ કે આ મનહરભાઈ છે કે જેમણે મારી પાસે લાંચ માંગેલ છે અને મે લાંચ આપેલ છે. જે તે સમયે ફરિયાદીના ખીસ્સામા વોઈસ રેકોર્ડર મુકવામાં આવેલ હતુ તેમાંથી ફરિયાદી જે કહે છે તેની ખરાઈ કરવામાં આવેલી. પંચ–સાહેદનો આ પુરાવો જોતાં આ સાહેદ ફરિયાદી સાથે મામલતદાર કચેરીમાં ગયેલા નહી તેમજ ફરિયાદી અને આરોપી મનહરભાઇ વચ્ચે શું વાતચીત થઇ અથવા શું વ્યવહાર થયેલ તે આ સાહેદે નજરે જોયેલ

નથી. આ ઉપરાંત આ પંચ-સાહેદનો સમગ્ર પુરાવો જોતાં આરોપી મનહરભાઇ પાસેથી ફિ.પા.વાળી રૂા.૫,૦૦૦/- ની ચલણી નોટો મળી આવેલ હોવાનું જણાતુ નથી.

૧૮.૩ આ પંચ-સાહેદે પોતાના પુરાવામાં વધુમાં જણાવેલ છે કે રેડીગ પાર્ટી તરફથી ફરિયાદીને તેમની રુબરુમાં અને નાયબ મામલતદારશ્રીની હાજરીમાં પુછવામા આવેલ કે તમે લાંચની રકમ આરોપીને કઈ રીતે આપેલી ? તેના જવાબમા ફરિયાદીએ જણાવેલ કે ફરિયાદીના પેન્ટના ડાબી બાજુના ખીસ્સામા ખાખી કવરમાં જે પાંચ હજાર રુપીયા લાંચની રકમ તરીકે મુકેલ હતા તે કવર આરોપીને આપતા આરોપીએ તે કવરને પોતાના જીન્સના આગળના જમણી બાજુના ખીસ્સામાં મુકી દિધેલ. ત્યારબાદ આરોપી મનહરભાઈએ ફરિયાદીને દારપણાનો દાખલો આપેલો. ત્યારબાદ એ.સી.બી.ની ટીમ દ્વારા સોડીયમ કાર્બોનેટનું દ્રાવણ બનાવી આરોપીના જમણા હાથનું હેન્ડવોશ કરાવી તે લીકવીડને નાની શીશીમા રાખેલ અને તપાસ કરતા તે આછા ગુલાબી રંગનુ જોવા મળેલ. તેને એવીડેન્સ તરીકે રેકર્ડમાં કબજે કરવામાં આવેલ.

૧૮.૪ આ પંચ-સાહેદના પુરાવા મુજબ જે લાંચની આપેલી રકમ વિષે આરોપીને પુછતા તે રકમ વિષે આરોપીએ જવાબ આપેલ ન હતો માટે વધુ તપાસણી અર્થે કચેરીની સામે મધ્યાહન ભોજનાલય રુમમા ફરીથી આરોપી જોડે લાંચની રકમ વિષે પુછપરછ કરવામાં આવેલ હતી. તે દરમ્યાન આરોપીએ મધ્યાહન ભોજનાલયના સંચાલક જગદીશભાઈ ગુજ્જરને લાંચની પાંચ હજાર રકમની નોટને બદલાવવા માટે આપેલ હોવાનું જણાવેલ અને જગદીશભાઇએ કચેરીની બહાર આવેલ ચાની લારી પર ખાખી કવરમાથી લાંચની રકમ કાઢીને કવરને ડુંચો વાળી લારીની પાછળ ફેકી દિધેલ અને પાંચ હજાર પૈકીના હજાર રૂપીયા ચાની લારીના વિનોદભાઈને નોટ બદલવા માટે આપેલ. જગદીશભાઈએ એમના મિત્ર ચંદ્રકાંત પટેલને ચાર હજારની નોટો છુટા કરાવવા માટે આપેલ. ચંદ્રકાંત પટેલ ભાઈએ તે પૈકીના બે હજાર

રુપીયા એમના મોબાઇલ રીચાર્જ કરવા માટે શ્રી નીરવભાઈને આપેલ અને બાકીના બે હજાર રુપીયા મુકેશભાઈ ઠક્કર કરીયાણાની દુકાનમાં આપેલ. ટુંકમાં આ પંચ–સાહેદના પુરાવા મુજબ ફરિયાદીએ આરોપી મનહરભાઈને રૂા.૫,૦૦૦/– નું કવર આપ્યા પછી મીસકોલ કરી એ.સી.બી.ના માણસોને તરત જ બોલાવેલા અને એ.સી.બી.ના માણસોએ આવીને આરોપી મનહરભાઈને તેમના ટેબલે જ પકડી લીધેલા અને આરોપી મનહરભાઈની પુછપરછ કરતા તેઓએ ઉપરોકત હકીકતો જણાવેલી. આ પંચ–સાહેદનો પુરાવા મુજબ આરોપી મનહરભાઈએ આ રૂા.૫,૦૦૦/– જગદીશભાઈને આપ્યા પછી એ.સી.બી.ના માણસોએ આવીને આરોપીને મનહરભાઈને પકડી લીધેલા. આ હકીકત ધ્યાને લેતાં રૂા.૫,૦૦૦/– આપ્યા પછી આરોપી મનહરભાઈનાઓ જગદીશભાઈને મળ્યા નથી. જેથી જગદીશભાઈએ ચાની લારીવાળા વિનોદભાઈને એક હજાર રૂપીયા તેમજ ચંદ્રકાંતભાઇ પટેલને ચાર હજાર રૂપીયા છુટા કરાવવા માટે આપેલ તેમજ ચંદ્રકાંતભાઈએ તે પૈકી બે હાજર રૂપીયા મોબાઈલ રીચાર્ઝ કરવા માટે નીરવભાઈને આપેલા અને બાકીના બે હજાર રૂપીયા મુકેશભાઈ ઠકકરને આપેલા તે હકીકતની આરોપી મનહરભાઈને કઈ રીતે જાણ થયેલી તે અંગેનો કોઈ ખુલાસો આ પંચ–સાહેદની જુબાનીમાં રજુ થયેલ નથી. આમ, આ હકીકતની જાણ આરોપી મનહરભાઈને કઈ રીતે થયેલી અને કોના ધ્વારા જાણવા મળેલ તેનો કોઈ ખુલાસો રેકર્ડ ઉપર આવેલ નથી. વધુમાં આવી હકીકતનું વર્ણન ઓડીયો વિડીયો રેકોર્ડીંગમાં પણ નથી. તેમ છતાં આ પંચ–સાહેદે ઉપરોકત જણાવ્યા મુજબનો પુરાવો આપેલ છે. જે પુરાવો વિશ્વસનીય અને સ્વીકારવાપાત્ર નથી. આ ઉપરાંત આ પંચ–સાહેદના પુરાવાને આંક–૭૧ થી તપાસવામાં આવેલા સાહેદ ચંદ્રકાંતભાઈ ચીમનભાઈ પટેલ અને આંક–૭૨ થી તપાસવામાં આવેલા સાહેદ જગદીશભાઈ ચંદુભાઈ ગુજજરના પુરાવાથી સમર્થન મળતુ નથી.

(૧૯) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૩ અનંતકુમાર ભગવતલાલ શેઠને આંક–૬૮ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ આંક–૬૯ થી રજુ થયેલ વિડીયો–ઓડીયો સી.ડી.ના વાર્તાલાપનું લેખિતમાં લખાણ કરવામાં આવેલુ તેના પંચનામાના પંચ છે. આ પંચ–સાહેદના પુરાવા મુજબ તા.૨૫.૦૬.૨૦૧૩ ના રોજ એ.સી.બી. પોલીસ સ્ટેશન તરફથી તેમના ઉપરી અધિકારી ઉપર ફોન આવતા તેઓને પંચ તરીકે હાજર સુચના મળતા તેઓ એ.સી.બી. પોલીસ સ્ટેશને ગયેલા. લાંચના કેસમાં ઈલેકટ્રોનીક ડીવાઇસથી ઓડીયો વિડીયો રેકોર્ડ થયેલ તેનું પંચનામુ કરવાનુ હતુ. તેમને લેપટોપમાં સી.ડી. નાંખી વિડીયો બતાવેલો. પરંતુ વિડીયોમાં ફરિયાદી અને બીજા કોણ હતા તેની ખબર નથી. ટ્રેપ થયો તેનો વિડીયો હતો પરંતુ વિડીયોમાં શું હતુ તે યાદ નથી. તેમની હાજરીમાં કોઈ ઓડીયો ફાઇલની ટ્રાન્સક્રીપ લખેલ હોય તે ચોકકસ યાદ નથી. આ સાહેદના પુરાવા મુજબ તેઓને હાલ ઓછુ સંભળાય છે અને તે માટે ભરૂચમાં ફલશ્રુતીનગરમાં ડો.દોશીને બતાવેલ છે. આ સાહેદને મુદ્દામાલની સી.ડી.માંની ફાઇલો સંભળાવવામાં આવતા આ સાહેદે આરોપીનો અવાજ ઓળખી બતાવેલ નથી. આ સાહેદનો પુરાવો જોતાં આરોપીએ ફરિયાદી પાસે રૂા.૫,૦૦૦/– ની માંગણી કરી હોય કે લાંચની રકમ સ્વીકારેલી હોય તે અંગેની હકીકતોને આ સાહેદના પુરાવાથી સમર્થન મળતુ નથી તેમજ આંક–૬૯ થી રજુ થયેલ ટ્રાન્સક્રીપ્ટના પંચનામાને વિશ્વસનીય સમર્થન મળતુ નથી. આ ઉપરાંત આંક–૬૯ થી રજુ થયેલ પંચનામુ જોતાં તેમાં ઓડીયો વાર્તાલાપનું જે લખાણ લખવામાં આવેલ છે તેમાં આરોપીએ ફરિયાદી પાસે લાંચ પેટે રૂા.૫,૦૦૦/– ની માંગણી કરેલ હોય તેવું સ્પષ્ટ રીતે જણાતુ નથી. વધુમાં આ કામે મેમરી કાર્ડમાં રેકોર્ડીંગ કરનારને તેમજ મેમરી કાર્ડમાંથી સી.ડી.માં કોપી કરનારને તપાસવામાં આવેલા નથી કે તેઓના પુરાવા અધિનિયમની કલમ–૬૫(બી) મુજબના પ્રમાણપત્રો રજુ કરવામાં આવેલ નથી. જેથી આ કામે ઈલેકટ્રોનીકસ ડીવાઇસનો જે પુરાવો રજુ થયેલ તે પુરાવો પુરવાર

માની શકાય નહી.

(૨૦) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૪ તરીકે ચંદ્રકાંતભાઇ ચીમનભાઇ પટેલને આંક–૭૧ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપી મનહરભાઇએ જગદીશભાઇ ગુજ્જરને રૂા.૫,૦૦૦/– બદલવા માટે આપેલા અને જગદીશભાઇ ગુજ્જરે તે રૂા.૫,૦૦૦/– પૈકી રૂા.૪,૦૦૦/– ના આ સાહેદ પાસે છુટા માંગતા આ સાહેદે જગદીશભાઇને છુટા આપેલા. પરંતુ આ સાહેદે ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પોલીસ રૂબરૂના નિવેદનમાં હકીકતો તેઓએ લખાવેલ હોવાનો અને જગદીશભાઇએ તેઓ પાસે રૂા.૪,૦૦૦/– ના છુટા માંગેલા તે હકીકતનો ઇન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવાથી આરોપીની ગુન્હામાં સંડોવણી હોવાની હકીકતને સમર્થન મળતુ નથી.

(૨૧) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૫ તરીકે જગદીશભાઇ ચંદુભાઇ ગુજ્જરને આંક–૭૨ થી તપાસવામાં આવેલા છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપી મનહરભાઇએ જગદીશભાઇ ગુજ્જરને રૂા.૫,૦૦૦/– બદલવા માટે આપેલા અને જગદીશભાઇ ગુજ્જરે તે રૂા.૫,૦૦૦/– પૈકી રૂા.૪,૦૦૦/– ના સાહેદ ચંદ્રકાંતભાઇ પાસે છુટા માંગીને બદલાવેલા તેમજ રૂા.૧,૦૦૦/– ના ચાની લારી પાસેથી છુટા લીધેલા. પરંતુ આ સાહેદે ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. વિ.એ.પી.પી.શ્રીએ આ સાહેદને ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા તેમાં પોલીસ રૂબરૂના નિવેદનમાં હકીકતો તેઓએ લખાવેલ હોવાનો અને આરોપી મનહરભાઇએ તેઓને રૂા.૫,૦૦૦/– બદલાવવા માટે આપેલા અને તેઓએ સાહેદ ચંદ્રકાંતભાઇ પાસે રૂા.૪,૦૦૦/– ના છુટા લીધેલા તેમજ ચાની લારી વાળા પાસેથી રૂા.૧,૦૦૦/ ના છુટા લીધેલા તે હકીકતનો ઇન્કાર કરેલ છે. આ સાહેદના પુરાવાથી આરોપીની ગુન્હામાં સંડોવણી હોવાની હકીકતને સમર્થન મળતુ નથી.

(૨૨) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૬ તરીકે વિશ્વજીતસિંહ નવલસિંહ સરવૈયાને આંક–૭૫ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદ બનાવ વખતે જંબુસર મામલતદાર કચેરીમાં મામલતદાર તરીકે ફરજ બજાવતા હતા અને આ કામની આંક–૪૫ વાળી ફરિયાદ આ સાહેદ વિરૂધ્ધ આપવામાં આવેલ છે. ફરિયાદ પક્ષના કેસ મુજબ લાંચના છટકા વખતે આ સાહેદે ફરિયાદી પાસેથી લાંચના નાણા લેવાની ના પાડેલ. આ સાહેદના પુરાવા મુજબ તા.૧૩.૦૫.૨૦૧૩ ના રોજ તેમની પાસે મામલતદાર ઉપરાંત જંબુસર નગરપાલીકાના ચીફ ઓફિસરનો વધુ ચાર્જ હતો. જેથી બપોરના સમયે નગરપાલીકાની કચેરી જવા નીકળેલા ત્યારે તેમની કચેરીની લોબીમાં સારોદ ગામના સરપંચ શ્રી ઇસ્માઇલભાઇએ તેમને રુબરુ મળી જણાવેલ કે તેમને દારપણાના દાખલો જોઇએ છે એટલે તેઓ સમજી ગયેલા કે તેમના રાઓટીંગના ગુન્હાના કામે દારપણાનો દાખલો જોઇતો હશે. જેથી તેમણે તેઓને કહેલુ કે તમે અરજી કરી દો તમને દાખલો મળી જશે. ત્યારબાદ તેઓ નગરપાલીકાની કચેરીએ જવા નીકળી ગયેલા. ઇસ્માઇલભાઇ તે વખતે તેમની સામે જોઇ રહેલા. તેઓએ તેમને કહ્યુ કે બીજું કંઇ કામ છે તો તેમણે માથુ હલાવી ના પાડેલી. તા.૧૪.૦૫.૨૦૧૩ ના રોજ તેમની વહીવટી કામગીરી દરમ્યાન દારપણાનો દાખલો તેમની મંજુરી માટે મુકવામાં આવેલો અને તે જોઇ ચકાસી તેમને યોગ્ય જણાતા તેમણે તેમાં સહી કરેલી. ત્યારબાદ તે દાખલો મહેસુલ શાખામાં ગયેલ. મહેસુલ શાખામાં તેમની સહી થઇને દાખલો ગયા બાદ ત્યારબાદ તે દાખલા ઉપર આઉટ વર્ડ નંબર આપવામાં આવે છે અને જો અરજદાર હાજર હોય તો તેમને હાથો હાથ આપવામાં આવે છે અન્યથા ટપાલ દ્વારા મોકલવામાં આવે છે. ત્યારબાદ બે દિવસ પછી અચાનક તેમની ચેમ્બરમાં બપોરના સમયે સારોદ ગામના સરપંચ શ્રી ઇસ્માઇલભાઇ આવેલા. જેથી તેઓએ તેમને આવવાનુ કારણ પુછતા તેમણે દાખલો મળી ગયેલ છે તે બાબતે આભાર માનેલો. ત્યારબાદ તેઓએ ઉભા રહીને તેમને પુછેલુ

કે દાખલા બાબતે કશું કંઈક.., તેઓએ તેમને કહેલુ કે મારી કંઇ માગણી છે ? તો તેમણે સ્પષ્ટ ના પાડેલી. ત્યારબાદ તેઓ આભાર માનીને તેમના ચેમ્બરમાંથી જતા રહેલા. ત્યારબાદ એક દોઢ કલાક પછી તેઓને તેઓના પટાવાળા મારફતે જાણ થયેલી કે કચેરીના નાયબ મામલતદાર (મહેસુલ) મનહરભાઇ પ્રજાપતિની એ.સી.બી. ના કામે ટ્રેપ થયેલ છે. આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં આ કામના આરોપી મનહરભાઇ પ્રજાપતિએ ફરિયાદી પાસે દારપણાનો દાખલો આપવા માટે લાંચની માંગણી કરેલ હોય કે લાંચની રકમ સ્વીકારેલ હોય તેની જાત માહિતી હોવાનું જણાતુ નથી અને આ સાહેદને તેમના પટાવાળા મારફતે બનાવની જાણ થયેલ હોવાનું જણાય છે. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે દારપણાના દાખલ ઉપર સહી તેમણે તા.૧૪.૦૫.૨૦૧૩ ના રોજ કરેલી. એ હકીકત કબુલેલ છે કે દારપણાનો દાખલો તૈયાર થયા પછી તેની રજીસ્ટરમાં નોંધ કરવામાં આવે છે. દારપણાનો દાખલો આપનાર કર્મચારી જુદા ટેબલે બેસે છે. એ હકીકત કબુલેલ છે કે તે વખતે દારપણાનો દાખલો આપનાર કર્મચારી અબ્દુલભાઇ હતા તેમનો હોદ્દો કલાર્કનો હતો. તેઓ નગરપાલીકામાંથી પાછા આવ્યા ત્યારે નાયબ મામલતદાર મનહરભાઇ હાજર ન હતા કારણ કે બપોરના સમયે તેમની અટક થયેલી. આમ, સાહેદના પુરાવાથી આરોપીએ ફરિયાદી પાસે રૂા.૫,૦૦૦/– ની લાંચની માંગણી કરેલ હોય અને ફરિયાદીએ આપતા તે સ્વીકારેલ હોય તે હકીકતને સમર્થન મળતુ નથી.

(૨૩) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૭ તરીકે લાંચના છટકાનું આયોજન કરનાર પોલીસ ઈન્સ્પેકટર ગૌતમભાઇ દેવરાજભાઇ પલસાણાને આંક–૮૧ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદના પુરાવા મુજબ ફરિયાદીએ તા.૧૪.૦૫.૨૦૧૩ ના રોજ જંબુસરના મામલતદારશ્રી સરવૈયાએ દારપણાના દાખલા કાઢી આપવા માટે રૂા.૫,૦૦૦/– ની લાંચની માંગણી કરેલ હોવાની ફરિયાદ આપેલી અને ફરિયાદ આધારે તા.૧૬.૦૫.૨૦૧૩ ના રોજ લાંચના છટકાનું આયોજન કરવામાં

આવેલ. આ સાહેદે તેમના પુરાવામાં તેમની કચેરીમાં લાંચના છટકાની જે કાર્યવાહી કરવામાં આવેલી તેનો પુરાવો આપેલ છે. વધુમાં આ સાહેદે પોતાની જુબાનીમાં જણાવેલ છે કે પ્રથમ ભાગનુ પંચનામુ કલાક ૧૧/૩૦ વાગે પુરુ કરી ફૈઝા એવન્યુ તાંદલજા વડોદરાથી ખાનગી વાહનમાં રવાના થઇ જંબુસર આક્ષેપિતની કચેરીથી સુરક્ષિત અંતરે ફરિયાદીએ વાહન ઉભુ રખાવતા શ્રી અજય ઓઝાએ ઓડીયો વિડીયો રેકોર્ડીંગના બંને સાધનો ઓન કરી આવતા ફરિયાદી આક્ષેપિતની કચેરી તરફ રવાના થયેલ અને સાથે સાથે એ.સી.બી. રેડીંગ પાર્ટીના બાકીના તમામ સભ્યો આક્ષેપિતની કચેરીની આસપાસ કોઇને શક વહેમ ન પડે તે રીતે એકબીજાના સંકલનમાં રહી ગોઠવાઇ ગયેલા. થોડા સમય બાદ ફરિયાદી આક્ષેપિતની કચેરી તરફથી પરત આવી ખાનગી વાહનમાં બેસી જતા એ.સી.બી. રેડીંગ પાર્ટીના તમામ સભ્યો પણ પરત આવી તે વાહનમાં બેસી જઇ ત્યારબાદ તેઓએ ફરિયાદીને પરત આવવા બાબતે પુછતા ફરિયાદીએ જણાવેલ કે હું આક્ષેપિત મામલદાર સરવૈયા સાહેબની કચેરીએ જઇ તેમને મળેલ તો તેમણે લાંચની કોઇ માંગણી કરેલ નહી કે કોઇ લાંચ સ્વીકારેલ નહી. જેથી હું બહાર આવી નાયબ મામલતદારને મળતા તેઓએ જણાવેલ કે તમારે શું કામ છે ત્યારે મે તેમને જણાવેલ કે મારે પાંચ લાખના સોલવન્સી દારપણાનો દાખલો કઢાવવા અરજી આપેલ છે તેમ જણાવતા મનહરભાઇએ મને જણાવેલ કે તમારા દારપણાનો દાખલો મારી પાસે તૈયાર છે પરંતુ તમારે સાહેબ માટે રૂપિયા પાંચ હજારનો વ્યહવાર કરવો પડશે ત્યારે ફરિયાદીએ તેમને કહેલ કે મામલતદાર સાહેબે લાંચની રકમ લેવાની ના પાડેલ છે. આ સાહેદનો પુરાવો તેમજ આંક-પ૪ થી રજુ થયેલ લાંચના છટકાના છટકાના પંચનામુ બંને સંયુકત રીતે વંચાણે લઇ તેનું વિશ્લેષણ કરતા આંક-પ૪ ના પંચનામાની હકીકતો મુજબ ફરિયાદી મામલતદાર કચેરીમાં ગયેલા ત્યારે મામલતદાર સરવૈયા તેમની ચેમ્બરમાં હાજર હતા અને તેમની ચેમ્બરમાં ઘણા માણસો હાજર હોય મામલતદાર કચેરીના એક

નાયબ મામલતદાર મનહરભાઇને મળી તેમના દારપણાના દાખલા બાબતે પુછતા તેઓએ તેમની પાસે સાહેબને રૂા.૫,૦૦૦/- આપવાના છે તેમ કહી લાંચની માંગણી કરેલી અને ત્યારપછી ફરિયાદી મામલતદાર સરવૈયાને મળતા અને દારપણાના દાખલાના રૂા.૫,૦૦૦/- આપવાની વાત કરતા માલતદાર સરવૈયાએ પૈસા લેવાની સ્પષ્ટ ના પાડી દીધેલ. જયારે આ સાહેદ એટલે લાંચના છટકાનું આયોજન કરનાર પો.ઇ.શ્રીના પુરાવા મુજબ ફરિયાદી સીધા આક્ષેપિત મામલદાર સરવૈયા સાહેબની કચેરીએ જઇ તેમને મળેલ તો સરવૈયા સાહેબે લાંચની કોઇ માંગણી કરેલ નહી કે કોઇ લાંચ સ્વીકારેલ નહી. જેથી ફરિયાદી તેમની ચેમ્બરમાંથી બહાર આવી નાયબ મામલતદારને મળેલા ત્યારે નાયબ મામલતદાર મનહરભાઇએ લાંચની માંગણી કરેલી. આમ, ફરિયાદી મામલતદાર કચેરીમાં પ્રવેશી સૌપ્રથમ મામલતદાર સરવૈયાને મળેલા કે નાયબ મામલતદાર/ આરોપી મનહરભાઇને મળેલા તે અંગે વિરોધાભાસી હકીકતો રેકર્ડ ઉપર આવેલ છે. આ સાહેદ લાંચના છટકાનું આયોજન કરનાર અધિકારીના પુરાવા મુજબ જો ફરિયાદી સૌપ્રથમ માલતદાર સરવૈયાને મળેલા અને તેઓએ લાંચની માંગણી કરેલી નહી કે કોઇ લાંચ સ્વીકારેલ નહી, અને નાયબ મામલતદાર મનહરભાઇ પ્રજાપતિએ ફરિયાદી પાસે દારપણાના દાખલા માટે પોતાના માટે લાંચની માંગણી કરેલી નહી કે દારપણાનો દાખલો કાઢી આપવા માટે તેમને કોઇ સત્તા ન હતી તેમ છતાં ફરિયાદીનાઓ નાયબ મામલતદાર મનહરભાઇ પ્રજાપતિને મળેલા જેથી ફરિયાદીને નાયબ મામલતદાર મનહરભાઇને મળવાની જરૂરીયાત કેમ ઉપસ્થિત થયેલ તે અંગે કોઇ ખુલાસો કરવામાં આવેલ નથી. આમ, આ સાહેદ એટલે કે લાંચના છટકાનું આયોજન કરનાર પો.ઇ.શ્રીએ પણ લાંચની માંગણી અને લાંચની રકમનો સ્વીકારવાળો બનાવ નજરે જોયેલ ન હોઇ તેઓના પુરાવાને લાંચની માંગણી અને લાંચની રકમનો સ્વીકારવાળો બનાવ નજરે જોનાર સાહેદ એટલે કે આ કામના ફરિયાદીના પુરાવાથી સમર્થન

મળતુ નથી. આ સાહેદના પુરાવાને વિશ્વસનીય અને સ્વીકાવાપાત્ર અને નિ:શંક પુરાવો તરીકે સ્વીકારી આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય નહી. આમ, આ સાહેદની જુબાનીથી આરોપીને ગુન્હા સાથે સાંકળી શકાય તેવો નિ:શંકપણે પુરાવો રેકર્ડ ઉપર આવેલ નથી.

૨૩.૧ આ સાહેદ લાંચના છટકાનું આયોજન કરનાર પો.ઈ.શ્રી પલસાણાની આરોપી તરફે ઉલટ તપાસ કરવામાં આવેલી છે. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે ફરિયાદીએ જણાવેલુ કે સોલવંશી સર્ટીફીકેટ તેઓને મેળવવાનું છે અને તે સર્ટીફીકેટ મામલતદાર પાસેથી લેવાનું અને મામલતદાર પૈસાની માંગણી કરે છે અને તેઓ વિરૂધ્ધ આક્ષેપ હતો કે તેઓને પૈસા આપે તો જ તેઓ સહી કરશે. એ હકીકત કબુલેલ છે કે આક્ષેપ મુજબ પૈસા મામલતદારને જ આપવાના હતા અને બીજા કોઈ થકી લેવાના ન હતા. એ હકીકત કબુલેલ છે કે હાલના તહોમતદારે સર્ટીફીકેટ આપવાનું છે અને તેને પૈસા આપવાના છે તે બાબતની કોઈ હકીકત જણાવેલી નહી. એ હકીકત કબુલેલ છે કે આરોપી પાસેથી કોઈ કવર કે કોઈ રકમ તેમણે રીકવર કરેલ નહિ.

૨૩.૨ લાંચના છટકાનું આયોજન કરનાર પો.ઈ.શ્રી પલસાણાએ એ હકીકત કબુલેલ છે કે આરોપીને જયારે સેસન્સ કોર્ટમાં રજુ કરેલા ત્યારે આરોપીએ તેમના વિરૂધ્ધ ફરિયાદ કરેલી તેની તેમને જાણ છે. તેમને એ જાણ નથી કે આરોપીની ફરિયાદના આધારે તેમના ઉપર ઈ.પી.કોડની કલમ-૩૨૩,૫૦૪ હેઠળ ફરિયાદ દાખલ થયેલી અને ક્રિમીનલ કેસ નં.૨૮૧૯/૨૦૧૪ થી ભરૂચની અદાલતમાં પેન્ડીંગ છે કે કેમ ? એ હકીકત કબુલેલ છે કે તેમણે તેમના વિરૂધ્ધના કેસમાં ખાનગી વકીલ રોકેલા છે. ત્યારબાદ સ્વેચ્છાએ જણાવેલ છે કે તેમના વિરૂધ્ધની ઈન્કવાયરીના કામે વકીલ રોકેલા છે, ફોજદારી કેસ દાખલ થયેલો હોય તો તેની તેમને ખબર નથી. આમ, જયારે આ સાહેદે તેમની વિરૂધ્ધની ઈન્કવાયરીના કામે વકીલ રોકેલા હોય ત્યારે ઈન્કવાયરીના કામે શું હુકમ થયેલ છે તેની જાણ ન હોય તે હકીકત સ્વીકારવાપાત્ર જણાતી નથી. જેથી આ સાહેદ વિરૂધ્ધની

ઈન્કવાયરીના આધારે ફોજદારી કેસ દાખલ થયેલો તેની આ સાહેદને જાણ ન હોય તે માની શકાય તેમ નથી. આમ, આ સાહેદની ઉલટ તપાસ જોતાં ફરિયાદીએ આરોપી પાસે લાંચની માંગણી કરેલ હોય તેવો આક્ષેપ ફરિયાદમાં નથી તેમજ તે અંગે ફરિયાદીનો અદાલત સમક્ષ કોઇ પુરાવો રજુ થયેલ નથી તેમજ સોલવંશી સર્ટીફીકેટ કાઢી આપવા માટે આરોપી મનહરભાઇ પાસે કોઈ સત્તા ન હતી. વધુમાં સોલવંશી સર્ટીફીકેટ લેવા માટે ફરિયાદીએ મામલતદારશ્રીને પૈસા આપવાના હતા, બીજા કોઇને પૈસા આપવાના ન હતા જેથી ફરિયાદી મામલતદારશ્રીની ચેમ્બરમાંથી બહાર આવી હાલના આરોપીને મળ્યા હોય અને આરોપીએ ફરિયાદી પાસે સોલવંશી સર્ટીફીકેટ આપવા માટે લાંચની રકમની માંગણી કરેલ હોય તે હકીકત સ્વીકારવાપાત્ર જણાતી નથી. વધુમાં સાહેદ નં. ૬ વિશ્વજીતસિંહ સરવૈયા (આંક–૭૫) નો પુરાવો જોતાં તા.૧૩.૦૫.૨૦૧૩ ના રોજ ફરિયાદી તેમને મળેલા અને ફરિયાદીએ તેઓને કહેલ કે દારપણાનો દાખલો જોઇએ છે જેથી તેઓએ ફરિયાદીને કહેલ કે તમો અરજી કરી દો, તમને દાખલો મળી જશે. સાહેદ નં. ૬ શ્રી સરવૈયાએ વધુમાં જણાવેલ છે કે તા.૧૪.૦૫.૨૦૧૩ ના રોજ તેમની સમક્ષ દારપણાનો દાખલો મંજુરી માટે મુકવામાં આવેલો અને તે જોઇ ચકાસી તેમને યોગ્ય જણાતા તેમણે તેમાં સહી કરેલી. ત્યારબાદ બે દિવસ પછી ફરિયાદી તેમની ચેમ્બરમાં આવેલા અને આવવાનુ કારણ પુછતા ફરિયાદીએ તેમને દાખલો મળી ગયેલ છે તે બાબતે આભાર માનેલો. ત્યારબાદ તેઓએ ઉભા રહીને તેમને પુછેલુ કે દાખલા બાબતે કશું કંઇક.., જેથી તેઓએ જણાવેલ કે 'મારી કંઇ માગણી છે ?' તો ફરિયાદીએ સ્પષ્ટ ના પાડેલી. જેથી ફરિયાદી આભાર માનીને તેમની ચેમ્બરમાંથી જતા રહેલા. સાહેદ નં. ૬ શ્રી સરવૈયાનો પુરાવો જોતાં ફરિયાદીને દારપણાનો દાખલો મળી ગયેલો અને ફરિયાદી પાસે પૈસાની કોઇ માંગણી કરેલ નહી જેથી ફરિયાદી પાસે આરોપીએ દારપણાના દાખલા માટે લાંચની માંગણી કરેલ હોવાની હકીકત માનવાલાયક જણાતી

નથી.

(૨૪) ફરિયાદ પક્ષ તરફે સાહેદ નં. ૮ તરીકે તપાસ કરનાર અધિકારી પરેશભાઇ હરીભાઇ ભેસાણીયાને આંક–૮૪ થી તપાસવામાં આવેલા છે. આ સાહેદે હાલના કેસની તપાસ કરેલી છે. આ સાહેદ તેઓની જુબાનીમાં તેઓએ કરેલી તપાસની હકીકતો જણાવેલી છે. આ સાહેદે ઉલટ તપાસમાં કબુલેલ છે કે સોલવંશી સર્ટીફીકેટ ઉપર તા.૧૪.૦૫.૨૦૧૩ ના રોજ મામલતદાર, જંબુસરની સહી થઇ ગયેલ હતી. એ હકીકત કબુલેલ છે કે સોલવંશી સર્ટીફીકેટ ઇસ્યુ કરવા બાબતનું રજીસ્ટર નિભાવવામાં આવતુ હોય છે જેમાં અરજી કરનાર, સર્ટીફીકેટ તૈયાર કરનાર અને સર્ટીફીકેટ લઇ જનારની વિગતો હોય છે પરંતુ તેમણે આવુ કોઇ રજીસ્ટર તપાસ દરમ્યાન કબજે કરેલ નથી. આ સાહેદનો સમગ્ર પુરાવો જોતાં આરોપી સામે પુરતા પુરાવા મળી આવતા ચાર્જશીટ કરેલ પરંતુ ફરિયાદ પક્ષે આરોપી સામેની ઇન્સાફી કાર્યવાહી દરમ્યાન આરોપી સામેનો કેસ ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર કરવાનો હોય છે તેમજ લાંચના કેસમાં લાંચની માંગણી, લાંચનો સ્વીકાર અને લાંચની રકમની રીકવરી આ ત્રણેય આવશ્યક તત્વો પણ પુરવાર થાય તો જ આરોપીને લાંચના ગુન્હામાં કસુરવાર ઠરાવી શકાય. આ કામે આરોપી મનહરભાઇ પ્રજાપતિ ધ્વારા કરાયેલ રૂા.૫,૦૦૦/– ની લાંચની માંગણી તેમજ આરોપી મનહરભાઇ ધ્વારા સ્વીકારવામાં આવેલ રૂા.૫,૦૦૦/– વાળો બનાવ માત્ર ફરિયાદીએ જોયેલ હોય તેમ ફરિયાદ પક્ષનો કેસ છે, પરંતુ ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદી પોતાની જુબાનીમાં આ કામના આરોપી મનહરભાઇ પ્રજાપતિ વિરૂઘ્ધ લેશમાત્ર પુરાવો આપેલ નથી. ફરિયાદીને વિ.એ.પી.પી.શ્રી ધ્વારા ફરી ગયેલા સાહેદ જાહેર કરી ઉલટ તપાસ કરતા ફરિયાદીએ તેમાં ફરિયાદ પક્ષના કેસની હકીકતોને સમર્થન કરેલ નથી. લાંચના છટકાના પંચનામાના પંચ–સાહેદનો પુરાવો પણ વિશ્વસનીય, સ્વીકારવાપાત્ર અને સમર્થનકારી જણાતો નથી અને પંચ–સાહેદે પણ બનાવ બનતા નજરે જોયેલ નથી. પંચ–

સાહેદના પુરાવાને ફરિયાદીના પુરાવાથી સમર્થન મળતુ નથી તેમજ પંચ–સાહેદના પુરાવામાં તેમજ પંચનામામાં વિરોધાભાસ હોવાનું રેકર્ડ ઉપર આવેલ છે. લાંચના છટકાનું આયોજન કરનાર પો.ઈ.શ્રીના પુરાવો વિશ્વસનીય જણાતો નથી. જેથી તપાસ કરનાર અધિકારીના પુરાવા ઉપર આધાર રાખી આરોપીને આક્ષેપીત ગુન્હામાં કસુરવાર ઠરાવવો આ અદાલતને ન્યાયોચિત જણાતો નથી.

(૨૫) ફરિયાદ પક્ષના કેસ મુજબ આરોપી મનહરભાઈએ મુદ્દાની રૂા.૫,૦૦૦/– ની ફિ.પા.વાળી ચલણી નોટોનો કવર સ્વીકારી, તે ચલણી નોટોનું કવર મધ્યાહન ભોજનાલયના સંચાલક જગદીશભાઈ ગુજ્જરને બદલાવવા માટે આપેલ. જગદીશભાઈ ગુજ્જરે રૂા.૫,૦૦૦/– ની નોટોમાંથી રૂા.૧,૦૦૦/– ચાની લારીવાળા વિનોદભાઈને છુટા મેળવવા આપેલ તેમજ જગદીશભાઈ ગુજ્જરે બાકીના રૂા.૪,૦૦૦/– ની નોટો તેમના મિત્ર ચંદ્રકાંતભાઈ પટેલને છુટા કરાવવા માટે આપેલ અને આ ચંદ્રકાંતભાઈએ આ રૂા.૪,૦૦૦/– માંથી રૂા.૨,૦૦૦/– મોબાઈલ રીચાર્ઝ કરવા માટે નિરવભાઈને આપેલ અને બાકીના રૂા.૨,૦૦૦/– કરીયાણાની દુકાનવાળા મુકેશભાઈ ઠક્કરને આપેલ. આ પાંચ સાહેદ પૈકી આ કેસમાં આંક–૭૧ થી ચંદ્રકાંતભાઈ પટેલને તેમજ આંક–૭૨ થી જગદીશભાઈ ગુજ્જરને તપાસવામાં આવેલા છે, પરંતુ આ બંને સાહેદોએ ફરિયાદ પક્ષના કેસની હકીકતો સમર્થન કરેલ નથી અને તેઓને ફરી ગયેલા સાહેદો જાહેર કરવામાં આવેલા છે. આ બંને સાહેદોના પુરાવાથી તપાસ કરનાર અધિકારીને તપાસને સમર્થન મળતુ નથી. જયારે સાહેદો ચાની લારીવાળા વિનોદભાઈ, મોબાઈલ રીચાર્જ કરવાવાળા નિરવભાઈ તેમજ કરીયાણાની દુકાનવાળા મુકેશભાઈને ફરિયાદ પક્ષે તપાસવામાં આવેલા નથી.

(૨૬) વધુમાં ફરિયાદીનું સોલવન્સી સર્ટીફીકેટ ઉપર તા.૧૪.૦૫.૨૦૧૩ ના રોજ મામલતદારની સહી થઈ ગયેલ હતી. જો મામલતદારશ્રી ધ્વારા સોલવન્શી સર્ટીફીકેટ ઉપર સહી કરવા માટે રૂા.૫,૦૦૦/– ની

માંગણી કરવામાં આવી હોત તો જયાં સુધી તેઓને રૂા.૫,૦૦૦/– મળતા નહી ત્યાં સુધી તેઓએ સોલવન્શી સર્ટીફીકેટ ઉપર સહી કરી ન હોત. પરંતુ લાંચના છટકા પહેલા જ સોલવન્શી સર્ટીફીકેટમાં મામલતદારની સહી થઇ ગયેલ હતી. જેથી સોલવન્શી સર્ટીફીકેટમાં સહી કરવા માટે રૂા.૫,૦૦૦/– ની માંગણી કરવામાં આવેલ હોવાનું શંકાસ્પદ જણાય છે.

(૨૭) આ કામે આંક–૧૦૦ થી એફ.એસ.એલ., સુરતનો પૃથ્થકરણ અહેવાલ રજુ થયેલ છે. જે જોતાં મુદ્દાની રૂા.૫,૦૦૦/– ની ચલણી નોટો ઉપર ફિનોપ્થેલીન પાવડર લગાડતા વધેલ ફિ.પા. એક પડીકીમાં કબજે લીધેલ તેમાં તથા આરોપીના હાથના આંગળા સો.કા.ના દ્રાવણમાં બોળાવતા દ્રાવણ ગુલાબી થઇ ગયેલ તે કબજે લીધેલ તેમાં તથા આરોપીની પેન્ટના ખીસ્સામાં ફિલ્ટર પેપર ઘસી તેની ઉપર સો.કા.ના દ્રાવણનો છંટકાવ કરતા ગુલાબી રંગના ટપકા ઉપસી આવેલા તે ફિલ્ટર પેપર કબજે લીધેલ તેમાં તથા જે કવરમાં મુદ્દાની ચલણી નોટો રૂા.૫,૦૦૦/– મુકેલી તે કવર કબજે લીધેલ તેમાં ફિનોપ્થેલીન પાવડરની હાજરી મળી આવેલ હોવાનું જણાય છે. પરંતુ આ કામે આરોપીએ લાંચની રકમની માંગણી કરેલ હોય કે લાંચની રકમનો સ્વીકાર કરેલ હોય કે આરોપીના કબજામાંથી મુદ્દાની ચલણી નોટો કે લાંચની રકમ જે કવરમાં મુકેલી તે કવર મળી આવેલ હોય તેવું નિ:શંકપણે પુરવાર થયેલ નથી. તે સંજોગોમાં એફ.એસ.એલ.ના રીપોર્ટના આધારે આરોપીની આક્ષેપીત ગુન્હામાં સંડોવણી હોવાનું પુરવાર માની શકાય નહી.

(૨૮) વિ.એ.પી.પી.શ્રીની રજુઆત છે કે આરોપી લાંચની રકમની માંગણી કરી સ્વીકારતા પકડાઇ ગયેલ હોઈ અને આ કામે લાંચના નાણાની રીકવરી થયેલ હોઈ આ કામે પ્રિવેન્શન ઓફ કરપ્શન એકટની કલમ–૨૦ નું અનુમાન કરવાનુ રહે છે. પરંતુ વિ.એ.પી.પી.શ્રીની આ રજુઆત સ્વીકારી શકાય તેમ નથી. કારણ કે આ કામે આરોપી વિરૂધ્ધ જે તહોમતનામુ ઘડવામાં આવેલ છે તે પુરવાર કરવા માટેનો

બોજો ફરિયાદ પક્ષ ઉપર રહેલ છે. ફરિયાદ પક્ષ ધ્વારા નિ:શંકપણે એ હકીકત પુરવાર કરવી પડે કે આરોપીએ કાયદેસરના મહેનતાણા સિવાયનું તોષણ મેળવવા માંગણી કરેલ છે અને તે સ્વીકારેલ છે તેમજ મેળવેલ છે, સ્વીકારવા સહમત થયેલ અથવા તે મેળવવા પ્રયત્ન કરેલ છે અને આરોપીએ ગેરકાયદેસર રીતે પોતાના માટે આર્થિક ફાયદો પોતાના હોદ્ધાનો દુરઉપયોગ કરી મેળવેલ છે. લાંચ–રૂશ્વત નિવારણ ધારા, ૧૯૮૮ ની કલમ–૨૦ હેઠળ રાજ્ય સેવકે કાયદેસરના મહેતનતાણા સિવાયના લાભ (પરિતોષણ) લે ત્યારે તે વિશે અનુમાન કરવાનું રહે છે કે રાજ્ય સેવકે લાંચ–રૂશ્વત નિવારણ ધારો, ૧૯૮૮ ની કલમ–૭ માં જણાવ્યા પ્રમાણેના પ્રેરક હેતુ અથવા બદલા તરીકે અથવા યથાપ્રસંગ, કઈ અવેજ આપ્યા વિના તોષણ અથવા કિંમતી વસ્તુ મેળવેલ છે. આમ, લાંચ રૂશ્વત નિવારણ ધારો, ૧૯૮૮ ની કલમ–૨૦ હેઠળનું અનુમાન કરતા પહેલા આરોપીએ કાયદેસરના મહેનતાણા સિવાયનું તોષણ સ્વીકારેલ છે અથવા સ્વીકારવા સહમત થયેલ છે અથવા પ્રયત્ન કરેલ છે તે હકીકત નિ:શંકપણે પુરવાર કરવાની રહે છે.

(૨૯) આ કામે આરોપી સામે મુદ્દાની ચલણી નોટો બદલાવી પુરાવાનો નાશ કરી ઈ.પી.કોડની કલમ–૨૦૧ મુજબના ગુન્હાનો પણ આક્ષેપ છે. પરંતુ આરોપીએ ફરિયાદી પાસે લાંચની માંગણી કરેલ હોય કે તેનો સ્વીકાર કરેલો હોય કે લાંચની રકમ કે લાંચની રકમ જે કવરમાં મુકેલી તે કવર આરોપી પાસેથી કબજે થયેલ હોય તેવી હકીકત ફરિયાદ પક્ષે નિ:શંકપણે પુરવાર થયેલ નથી. જેથી આરોપીએ પુરાવાનો નાશ કર્યો હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી.

(૩૦) આ કામે રેકર્ડ ઉપર જે પુરાવો રજુ થયેલ છે તે જોતાં આરોપીએ ફરિયાદી પાસ જેથી કોઈ લાંચની રકમની માંગણી કરેલ હોય અને ફરિયાદીએ તે માંગણી સ્વીકારી આરોપીને તે લાંચની રકમ આપેલ હોય અને તે લાંચની રકમ આરોપીએ સ્વીકારેલ હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. વધુમાં આ કામે રેકર્ડ ઉપર જે પુરાવો

રજુ થયેલ છે તે જોતાં આરોપીની માંગણી સિવાય ફરિયાદીએ કોઈ રકમ આપવાની આરોપીને ઓફર કરેલ હોય અને જે આરોપીએ તે ઓફર સ્વીકારેલ હોય તે હકીકત નિ:શંકપણે પુરવાર થતી નથી. ના.સર્વોચ્ચ અદાલત ધ્વારા કાયદાનો સિધ્ધાંત પ્રતિપાદીત કરેલ છે કે જો ફરિયાદ પક્ષ ધ્વારા લાંચની રકમની માંગણી પુરવાર કરવામાં ન આવે તો લાંચ રૂશ્વત નિવારણ ધારો, ૧૯૮૮ ની કલમ–૨૦ હેઠળનું અનુમાન થઈ શકે નહી અને માત્ર રકમ આરોપ પાસેથી મળી આવવાથી આરોપી વિરૂધ્ધનો ગુન્હો પુરવાર થતો નથી. આ કામે આરોપી પાસેથી રૂા.૫,૦૦૦/– ની મુદ્દાની ચલણી નોટો કે ચલણી નોટો જે કવરમાં મુકેલી તે કવર મળી આવેલ નથી. જેથી આરોપીએ ફરિયાદી પાસેથી લાંચની માંગણી કરી અને તેનો સ્વીકાર ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમનો કોઈ ગુન્હો કરેલ હોવાનું કહી શકાય નહી. જેથી ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમની કલમ–૨૦ હેઠળનું અનુમાન આરોપીઓ વિરૂધ્ધ થઈ શકે તેમ નથી. ઉપરોકત તમામ હકીકતો ધ્યાને લેતાં ફરિયાદી ધ્વારા જંબુસરના મામલતદાર વિરૂધ્ધ કરવામાં આવેલ ફરિયાદના અનુસંધાને ગોઠવવામાં આવેલ લાંચનુ છટકુ નિષ્ફળ જતા લાંચના છટકાને સફળ બનાવવા માટે આરોપીને ખોટી રીતે ફસાવી દીધેલ હોવાનો બચાવ પક્ષ તરફે જે બચાવ લેવામાં આવેલ છે તે નકારી શકાય તેમ નથી.

(૩૧) આમ, હાલના કેસના સંજોગો અને હકીકતો જોતાં આ કામે લાંચની રકમની માંગણી, તેનો સ્વીકાર અને રીકવરી નિ:શંકપણે પુરવાર થયેલ નથી. કાયદાનો પ્રસ્થાપિત સિધ્ધાંત છે કે શંકા ગમે તેટલી મજબુત હોય તો પણ તે પુરાવાનું સ્થાન લઈ શકે નહી. ફરિયાદ પક્ષે આરોપીઓ વિરૂધ્ધનું તહોમતનામુ શંકારહિત પુરવાર કરવાનું રહે છે. આ કામે ઉપરોકત ચર્ચા કર્યા મુજબ ફરિયાદ પક્ષ આરોપીઓ વિરૂધ્ધનો કેસ નિ:શંકપણે પુરવાર કરવામાં નિષ્ફળ ગયેલ છે. જેથી મુદ્દા નં. ૨ નો નિર્ણય નકારમાં આપી, મુદ્દા નં. ૩ પરત્વે નીચે મુજબનો હુકમ ફરમાવવામાં આવે છે.

**-:: હુકમ ::-**

૧. ક્રિ.પ્રો.કોડ ૧૯૭૩ ની કલમ-૨૩૫(૧) અન્વયે આ કામના આરોપીને ભ્રષ્ટાચાર નિવારણ અધિનિયમ, ૧૯૮૮ ની કલમ-૭,૧૩(૧)(ઘ),૧૩(૨) તથા ઇ.પી.કોડની કલમ-૨૦૧ મુજબના ગુન્હામાંથી શંકાનો લાભ આપી છોડી મુકવાનો હુકમ કરવામાં આવે છે.. અપીલ સમય બાદ મુદ્દાની ચલણી નોટો રૂા.૫,૦૦૦/- સરકારશ્રીમાં જમા કરાવવાનો તેમજ આરોપીની હેન્ડ બેગમાંથી કબજે કરેલ રૂા.૩૦,૪૦૦/- તેમજ સેમસંગ કંપનીનો મોબાઇલ તથા નોકીયા કંપનીનો મોબાઇલ આરોપીને સોંપવાનો અને બાકીના બિનકિંમતી મુદ્દામાલનો નાશ કરવાનો હુકમ કરવામાં આવે છે.

૨.૧ માર્ક-'એફ' નું સેન્ડીકસ કંપનીનું માઇક્રો એસ.ડી. કાર્ડ તેમજ માર્ક-'જી' નું ૪ જી.બી.નું સેન્ડીકસ કંપનીનું માઇક્રો એસ.ડી. કાર્ડ રેકર્ડ સાથે રાખવાનો હુકમ કરવામાં આવે છે.

૩. આરોપીએ ક્રિ.પ્રો.કોડની કલમ-૧૯૭૩ ની કલમ-૪૩૭(એ) મુજબ રૂા.૧૫,૦૦૦/- ના છ માસના સમયગાળા માટેના જામીન આપવા તેવો હુકમ કરવામાં આવે છે.

આ હુકમ આજ તારીખ ૧૦મી માહે એપ્રિલ સને ૨૦૨૬ ના રોજ ખુલ્લી અદાલતમાં વાંચી સંભળાવી જાહેર કર્યો.

તારીખ : ૧૦.૦૬.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨

ના.સર્વોચ્ચ અદાલત સમક્ષની ક્રિમીનલ અપીલ નં.૨૯૭૩/૨૦૨૩ - મનોજભાઇ જેઠાભાઇ પરમાર (રોહિત) વિરૂધ્ધ સ્ટેટ ઓફ ગુજરાતના ચુકાદામાં આપેલ નિર્દેશ મુજબ રેકર્ડ ઉપર રજુ થયેલ મૌખિક તેમજ દસ્તાવેજી પુરાવા અને મુદ્દામાલની વિગતો નીચે મુજબ છે.

**<u>ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ મૌખિક પુરાવા :</u>**

| અ.નં. | આંક | સાહેદનું નામ | સાહેદની વિગત |
|---|---|---|---|
| ૧ | ૪૪ | ઇસ્માઇલભાઇ અહમદભાઇ પટેલ | ફરિયાદી |
| ૨ | ૪૮ | દિલીપભાઇ નંદલાલ યાદવ | લાંચના છટકાના પંચનામાના પંચ |
| ૩ | ૬૮ | અનંતકુમાર ભગવતલાલ શેઠ | સી.ડી.માંના વાર્તાલાપ ના ટ્રાન્સક્રીપ્ટના પંચનામાના પંચ |
| ૪ | ૭૧ | ચંદ્રકાંતભાઇ ચીમનભાઇ પટેલ | ફિ.પા.વાળી રૂપિયા ચાર હજારની નોટોના છુટ આપનાર સાહેદ |
| ૫ | ૭૨ | જગદીશભાઇ ચંદુભાઇ ગુજજર | આરોપીએ આ સાહેદને રૂ.૫,૦૦૦/– ની નોટો બદલાવવા આપેલ |
| ૬ | ૭૫ | વિશ્વજીતસિંહ નવલસિંહ સરવૈયા | મામલતદાર, જંબુસર |
| ૭ | ૮૧ | ગૌતમભાઇ દેવરાજભાઇ પલસાણા | લાંચના છટકાનું આયોજન કરનાર પો.ઇ. |
| ૮ | ૮૪ | પરેશભાઇ હરીભાઇ ભેસાણીયા | તપાસ કરનાર અધિકારી |

**<u>ફરિયાદ પક્ષ તરફે રજુ થયેલ દસ્તાવેજી પુરાવા :</u>**

| અ.નં. | આંક | દસ્તાવેજોની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|---|
| ૧. | ૪૫ | ફરિયાદ | ફરિયાદી (આંક–૪૪) |
| ૨. | ૪૬ | ફરિયાદની સાથે રજુ કરેલ સોલવન્સી સર્ટીફીકેટ મેળવવાની અરજી, ગામ નમુનો નં. ૭, ૮–અ, ફરિયાદીનો પંચાયત સહાયક રૂબરૂનો જવાબ, પંચ–કયાસ, દારપણાનો દાખલો, ફરિયાદીનું સોગંદનામુ વિગેરેની નકલો | '' |
| ૩. | ૫૪ | લાંચના છટકાનું પંચનામુ | સાહેદ નં. ૨ (આંક–૪૮) |
| ૪. | ૫૫ થી ૬૨ | મુદ્દામાલ સાથેની પંચ–સ્લીપો | '' |
| ૫. | ૬૯ | સી.ડી.ની વાર્તાલાપની ટ્રાન્સક્રીપટનું | સાહેદ નં. ૩ |

| | | | |
|---|---|---|---|
| | | પંચનામુ | (આંક–૬૮) |
| ૬. | ૮૫ | સુરત એફ.એસ.એલ.નો સ્પેકટોગ્રાફીનો રીપોર્ટ | ત.ક.અધિકારી |
| ૭. | ૮૬ | તપાસ સંભાળી લેવાની યાદી | '' |
| ૮. | ૮૭ | પંચો ફાળવી આપવા એમ.જી.વી.સી.એલ.ને પો.ઈ.શ્રીએ લખેલ યાદી | '' |
| ૯. | ૮૮ | એ.સી.બી.ની ગુપ્ત કામગીરી માટે આવેલા સરકારી કર્મચારીઓને સમજ કર્યાની યાદી | '' |
| ૧૦. | ૮૯ | દારપણાનો દાખલો | '' |
| ૧૧. | ૯૦ | ઈન્વેન્ટરી મેમો | '' |
| ૧૨. | ૯૧ | સીઝર મેમો | '' |
| ૧૩. | ૯૨ | આરોપીની શરીરસ્થિતિનું પંચનામુ | '' |
| ૧૪. | ૯૩ | સરકારી કર્મચારીઓને પંચો તરીકે ફાળવી આપવા નશાબંધી અને આબકારી ખાતુ, ભરૂચને લખેલ યાદી | '' |
| ૧૫. | ૯૪ | એ.સી.બી.ની ગુપ્ત કામગીરી માટે આવેલા સરકારી કર્મચારીઓને સમજ કર્યાની યાદી | '' |
| ૧૬. | ૯૫ | મુદ્દામાલ રવાનગી યાદી | '' |
| ૧૭. | ૯૬ | મુદ્દામાલ રવાનગી પત્રક | '' |
| ૧૮. | ૯૭ | સત્તા અંગેનું પ્રમાણપત્ર | '' |
| ૧૯. | ૯૮ | મુદ્દામાલ મળ્યાની એફ.એસ.એલ., સુરતની પહોંચ | '' |
| ૨૦. | ૯૯ | મુદ્દામાલ મળ્યાની એફ.એસ.એલ., સુરતની પહોંચ | '' |
| ૨૧. | ૧૦૦ | એફ.એસ.એલ., સુરતનો પૃથ્થકરણ અહેવાલ | '' |
| ૨૨. | ૧૦૧ | મુદ્દામાલની સી.ડી. એફ.એસ.એલ., ગાંધીનગરને મોકલી આપવા કરેલ યાદી | '' |
| ૨૩. | ૧૦૨ | ઓડીયો વિડીયો રેકોર્ડીંગની મુદ્દામાલ રવાનગી નોંધ | '' |
| ૨૪. | ૧૦૩ | સત્તા અંગેનું પ્રમાણપત્ર | '' |
| ૨૫. | ૧૦૪ | ઈલેકટ્રોનીક ડીવાઈઝરની નકલ કરવા પરવાનગી આપવામાં આવેલી તેના | '' |

| | | | |
|---|---|---|---|
| | | હુકમની યાદી | |
| ૨૬. | ૧૦૫ | મુદ્દામાલ મળ્યા બદલની એફ.એસ.એલ ગાંધીનગરની પહોંચ | '' |
| ૨૭. | ૧૦૬ | એફ.એસ.એલ. ગાંધીનગરનો એકઝામીનેશન રીપોર્ટ | '' |
| ૨૮. | ૧૦૭ | મોબાઈલના સી.ડી.આર., એસ.ડી. આર. વિગેરેની માહિતી મેળવવાની યાદી | '' |
| ૨૯. | ૧૦૮ | મોબાઈલના સી.ડી.આર., એસ.ડી. આર. વિગેરેની માહિતી | |
| ૩૦. | ૧૦૯ | આરોપીના કોલ ડેટા અને કોલ ડીટેલ્સની માહિતી | '' |
| ૩૧. | ૧૧૦ | આરોપીના કોલ ડેટા અને કોલ ડીટેલ્સની માહિતી | '' |
| ૩૨. | ૧૧૧ | આરોપી સામે ફોજદારી કામ ચલાવવાની પ્રોસીકયુશનની મંજુરીનો હુકમ | '' |
| ૩૩. | ૧૧૨ | મુદ્દામાલ મળ્યા બદલની એફ.એસ.એલ ગાંધીનગરની પહોંચ | '' |
| ૩૪. | ૧૧૩ | એફ.એસ.એલ. ગાંધીનગરના ફોટોગ્રાફી વિભાગનો પરીક્ષણ અભિપ્રાય | '' |
| ૩૫. | ૧૧૪ | એફ.એસ.એલ. ગાંધીનગર તરફથી મોકલવામાં આવેલ ફોટોગ્રાફની પિન્ટ | '' |

આરોપી તરફે કોઇ મૌખિક કે દસ્તાવેજી પુરાવા રજુ થયેલ નથી.

**<u>મુદ્દામાલની વિગત</u>**

| અ.નં. | મુદ્દામાલની વિગત | કોણે પુરવાર/ સાક્ષ્યાંકિત કર્યો |
|---|---|---|
| ૧ | મુદ્દાની ચલણી નોટો ઉપર લગાડતા વધેલ ફિનોપ્થેલીન પાવડરની પડીકી | સાહેદ નં. ૨ (આંક-૪૮) |
| ૨ | આરોપીના જમણા હાથના આંગણાનું હેન્ડ વોશ (ગુલાબી રંગનું) | '' |
| ૩ | આરોપીના પેન્ટના જમણા ખીસ્સામાં ફિલ્ટર પેપર ઘસી તેના ઉપર સો.કા.ના દ્રાવણનો છંટકાવ કરતા ગુલાબી રંગના ટપકા ઉપસી આવેલા તે ફિલ્ટર પેપર | '' |

| | | |
|---|---|---|
| ૪ | આરોપીએ બનાવ વખતે પહેરેલ જીન્સ પેન્ટ જેના જમણા ખીસ્સામાં ફિ.પા.ની હાજરી મળી આવેલી. | '' |
| ૫ | જે કવરમાં મુદ્દાની ફિ.પા.વાળી રૂા.૫,૦૦૦/− ની નોટો મુકેલ તે ખાખી કવર | '' |
| ૬ | ફરિયાદી અને આરોપી વચ્ચેની વાતચીત જેમાં રેકર્ડ થયેલ તે સેન્ડીકસ કંપનીનું માઇક્રો એસ.ડી. કાર્ડ | '' |
| ૭ | ફરિયાદી અને આરોપી વચ્ચેની વાતચીત રેકર્ડ થયેલ વોઇસ રેકોર્ડરનું સેન્ડીકસ કંપનીનું માઇક્રો એસ.ડી. કાર્ડ | '' |
| ૮ | મુદ્દાની રૂા.૫,૦૦૦/− ની ચલણી નોટો | '' |
| ૯ | આરોપીની હેન્ડ બેગમાંથી કબજે કરેલ ચલણી નોટો રૂા.૩૦,૪૦૦/− | '' |
| ૧૦ | આરોપી પાસેથી કબજે કરેલ સેમસંગ કંપનીનો મોબાઇલ | '' |
| ૧૧ | આરોપી પાસેથી કબજે કરેલ નોકીયા કંપનીનો મોબાઇલ | '' |

તારીખ : ૧૦.૦૪.૨૦૨૬
સ્થળ : ભરૂચ

**( રાજેશ કરમારસિંહ દેસાઇ )**
સેસન્સ જજ, ભરૂચ
કોર્ડ નં. જી.જે.૦૦૯૧૨